# આત્મધર્મ

## વર્ષ ૨૪

## સળંગ અંક ૨૮૨

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૨

## સ્વાનુભૂતિનું સુખ


અનાદિકાળથી સ્વરૂપને ભૂલીને, સમ્યગ્દર્શન વગર સંસારમાં રખડતો જીવ સમસ્ત પરભાવોને ફરીફરીને ભોગવી ચૂક્યો છે, સંસારસંબંધી બધાય દુઃખ-સુખ એ ભોગવી ચૂક્યો છે, પોતાના સ્વરૂપનું વાસ્તવિક સુખ એક ક્ષણમાત્ર તેણે ભોગવ્યું નથી...કે જે સુખની પાસે જગતના બધા ઈન્દ્રિયસુખો અત્યન્ત નીરસ છે. ઈન્દ્રિયસુખોથી આત્મિકસુખની જાત જ જુદી છે,-જેમ ઈન્દ્રિયો અને આત્મા જુદા છે તેમ.-હે જીવ! જ્ઞાનસ્વભાવના અવલંબનથી સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરીને સ્વાનુભૂતિમાં તારા આ સુખને તું ભોગવ.

તંત્રી : જગજીવન બાવચંદ દોશી     સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩ ચૈત્ર( લવાજમ : ત્રણ રૂપિયા ) વર્ષ ૨૪ : અંક ૬

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદ શિખરજી



[ જેની પાવન યાત્રા પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ સંઘસહિત સંવત્ ૨૦૨૩ ના ફાગણ સુદ ૧૫ રવિવારના રોજ બીજીવાર અત્યન્ત ભક્તિ-ઉલ્લાસ સહિત કરી. ]

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં.૨૪૯૩
ચૈત્ર

વર્ષ ૨૪ : અંક ૬

# ગુરુદેવની સાથે સાથે

( ગતાંકથી ચાલુ )

## જયપુરથી સમ્મેદશિખર........

જયપુર શહેરમાં પં. ટોડરમલ–સ્મારકભવનનું ઉદ્ઘાટન, તેમાં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા અને દ્વિશતાબ્દિ મહોત્સવ કરીને, પૂ. ગુરુદેવ ફા. સુદ છઠ્ઠે જયપુરથી મહાવીરજી પધાર્યા. મહાવીર પ્રભુની પ્રશાંત મૂર્તિના દર્શન કર્યા. થોડા વર્ષો પહેલાં આ પ્રતિમા જમીનમાંથી નીકળી છે; તે સંબંધી ટૂંકી કથા એમ છે કે એક ગોવાળની ગાયનું દૂધ હંમેશા દોવાઈ જતું હતું; ગોવાળે તપાસ કરી, તો ગાય હંમેશ એક સ્થળે જઈને ભાવથી ઊભી રહેતી ને તેના દૂધની ધારા છૂટતી; આ દેખીને ગોવાળને આશ્ચર્ય થયું, ને તે જગ્યાએ તપાસ કરતાં જમીનમાંથી મહાવીર પ્રભુની આ પ્રતિમાજી મળી આવ્યા. પ્રતિમાજી ઘણા મનોજ્ઞ છે. વિશાળ જિનાલયોનાં દર્શન કર્યા. મૂળ મંદિર ઉપરાંત આશ્રમના બીજા મંદિરોમાં પણ મહાવીર પ્રભુના વિશાળ પ્રતિમા બિરાજે છે, ત્યાં પણ દર્શન કર્યા. શાંતિ–વીરઆશ્રમમાં પણ શાંતિનાથપ્રભુ વગેરે મનોજ્ઞ ખડ્ગાસન જિનબિંબો બિરાજે છે, ત્યાં પણ દર્શન કર્યા. જિનમંદિરમાં ભક્તિ થઈ હતી. પ્રવચનમાં જૈનગઝટના સંપાદક શ્રી અજિતકુમારજી શાસ્ત્રી વગેરે ઉપસ્થિત હતા, તેમજ ગુરુદેવ સાથેની સીધી મુલાકાતથી તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આમ મહાવીરજી ક્ષેત્રનો એક દિવસનો કાર્યક્રમ આનંદપૂર્વક પૂર્ણ કરીને બીજે દિવસે બયાના શહેર તરફ પ્રસ્થાન કર્યું.

બયાના શહેરમાં સીમંધર ભગવાનના પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે, તેમના દર્શન કરીને ગુરુદેવ ખૂબ પ્રસન્ન થયા; અત્યંત આનંદપૂર્વક સીમંધરનાથ સાથેના પૂર્વભવના સંબંધની પ્રસિદ્ધિ કરી; માત્ર સાત કલાકમાં સીમંધરપ્રભુની છાયામાં અતિશય ઉલ્લાસથી દર્શન–પૂજન–ભક્તિ–અભિષેક અને આનંદકારી જાહેરાતથી ભવ્ય ઉત્સવ થયો. તેની સંપૂર્ણ વિગત અને ગુરુદેવના ઉદ્‌ગારો આ અંકમાં જુદા આપ્યા છે.

બયાનાથી પ્રસ્થાન કરીને ઈટાવા શહેર આવ્યા. ઈટાવાનું બીજું નામ 'ઇષ્ટપુરી' ગુરુદેવ પધારતાં ઉત્સાહ પૂર્વક સ્વાગત થયું. આસપાસથી પણ મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓ આવ્યા હતા, ને વિશાળ મંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો. જિનમંદિરમાં પ્રાચીન પ્રતિમાઓના પણ દર્શન કર્યા. ત્રણ–ચાર જિનમંદિરો છે. ગામથી દૂર જમના નદીના કિનારે એક જૂનું જિનાલય છે, ત્યાં ગુરુદેવ સાંજે પધાર્યા હતા ને શાંત વાતાવરણમાં એક કલાક રહ્યા હતા. જમુના નદી આ ગામ સુધી આવે છે ને જે દિશામાંથી આવે છે તે જ દિશામાં અહીંથી પાછી વળે છે. આ શહેરમાં અનેક પ્રાચીન ઈતિહાસ છે. રાત્રે અહીંના જૈનસમાજ તરફથી ગુરુદેવને અભિનંદન–પત્ર આપવામાં આવ્યું હતું અને તત્ત્વચર્ચા થઈ હતી.

યાત્રાસંઘ ઈટાવાથી સાંજે પ્રસ્થાન કરીને કાનપુર પહોંચી ગયો હતો ને ગુરુદેવ તા. ૨૦ ના રોજ સવારે પધાર્યા હતા; સ્વાગત બાદ બડા જિનમંદિરમાં મંગલપ્રવચન થયું હતું. બપોરે ટાઉનહોલમાં પ્રવચન થયું હતું. સાંજે જૈન કલબના ઉત્સાહી ભાઈઓએ ગુરુદેવના સત્સંગમાં તત્ત્વચર્ચાનો લાભ લીધો હતો. ચૈત્યાલયની બાજુમાં જ ગુરુદેવનો ઉતારો હતો. રાત્રે બડા મંદિરમાં ભક્તિનો કાર્યક્રમ હતો.

તા. ૨૧ ના રોજ અલ્લાહાબાદ આવ્યા. ડાકબંગલામાં ઉતારો હતો. ગંગા–જમનાનો સંગમ થાય છે તે ત્રિવેણીસંગમના સ્થાનને 'પ્રયાગ' કહેવાય છે–"પ્રયાગ" એ મૂળ તો ભગવાન આદિનાથ પ્રભુના કેવળજ્ઞાનની તીર્થભૂમિ છે, અહીં એક વડવૃક્ષ નીચે ભગવાનને કેવળજ્ઞાન થયું હતું ને ઇન્દ્રો દ્વારા મહાપૂજા થઈ હતી. 'યાગ' નો અર્થ પૂજા થાય છે ને ઇન્દ્રો દ્વારા થતા વિશેષ પૂજનને 'પ્ર–યાગ' કહેવાય છે; આદિનાથ ઋષભદેવને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રોએ અહીં મહાપૂજા કરી તેથી આ સ્થાન પ્રયાગતીર્થ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયું. તે સ્થાનનું અવલોકન કરવા ગુરુદેવ પધાર્યા હતા ને કહેતા હતા કે ભગવાન ઋષભદેવની સ્મૃતિ તરીકે આ સ્થાન

જોવા આવ્યા છીએ. ગંગા–જમના કિનારે કિલ્લામાં એક સ્થાને ભગવાન ૠષભદેવના ચરણકમલની સ્થાપના છે, પણ હમણાં તે સ્થાન મિલિટરી લશ્કરની વ્યવસ્થા નીચે હોવાથી દર્શન થઈ શકતા નથી. બપોરે સ્વાગતપૂર્વક ગુરુદેવે શહેરના જિનમંદિરોના દર્શન કર્યા હતા. પાસે પાસે જ ચાર જિનમંદિરો છે. એક વિશાળ જિનમંદિરમાં ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચન પછી તરત યાત્રિકોએ બનારસ તરફ પ્રસ્થાન કર્યું.

## ફાગણ સુદ ૧૧ ચાર તીર્થંકર જન્મધામની યાત્રા

આજના શુભદિને ગુરુદેવે પાર્શ્વ–સુપાર્શ્વપ્રભુના જન્મધામમાં પધારતાં ઉમંગભર્યું સ્વાગત થયું. પં. કૈલાસચંદજી, પં. ફૂલચંદજી, વગેરે બનારસના વિદ્વાનોએ તેમ જ આગેવાનોએ ઉત્સાહથી સ્વાગત કર્યું હતું ને જૈનસમાજ તરફથી અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું. શહેરમાં ૧૪૪ મી કલમ હોવા છતાં ખાસ પરવાનગીથી સ્વાગત અને પ્રવચનાદિ કાર્યક્રમો ઉલ્લાસથી થયા હતા. કાશી નગરી એટલે કે વારાણસી (બનારસ) નગરી, –ત્યાં ગંગા કિનારે સુપાર્શ્વપ્રભુનું જન્મધામ છે ને ગામમાં ભેલુપુરમાં પાર્શ્વપ્રભુનું જન્મધામ છે, ત્યાં ગુરુદેવ સાથે આનંદથી દર્શન કર્યા. બપોરે ગુરુદેવ સાથે ચંદ્રનાથ–જન્મધામ ચંદ્રપુરીની યાત્રા કરી; મંદિરને સ્પર્શીને ગંગાનદી ચાલી જાય છે; ચંદ્રપ્રભુ ભગવાનને યાદ કરીને અને તેમના દર્શન કરીને ગંગાજળ પીધું. પછી સારનાથ–સિંહપુરીમાં ભગવાન શ્રેયાંસનાથના જન્મધામમાં શ્રેયાંસપ્રભુની યાત્રા કરી. ફાગળ સુદ અગિયારસના આજના મંગલદિને અગિયારમા તીર્થંકરદેવની સન્તો સાથે યાત્રા થતાં સૌને આનંદ થયો. પ્રવચન પછી વિદ્વાનોના ભાષણ થયા ને ગુરુદેવને અભિનંદન–પત્ર અપાયું. રાત્રે વરસાદ આવ્યો હતો.

બીજે દિવસે સવારમાં કાશીથી પ્રસ્થાન કરીને વચ્ચે સોનનદીના વિશાળ પુલ ઉપરથી પસાર થઈને ડાલમિયા નગર આવ્યા. જિનાલયમાં વીરજિનના દર્શન કર્યા. અહીં શેઠ શ્રી શાંતિપ્રસાદજી શાહુ તરફથી સંઘની સારી આગતાસ્વાગતા કરવામાં આવી હતી. અહીંથી પ્રસ્થાન કરીને રાત સુધીમાં યાત્રાસંઘ સમ્મેદશિખરજી પહોંચી ગયો હતો. ગુરુદેવ શિરપુર રાત રોકાઈને ફાગણ સુદ ૧૩ ની સવારમાં સમ્મેદશિખરજી તરફ પધાર્યા.

卐 卐 卐

## સમ્મેદશિખર-તીર્થધામમાં

ફાગણ સુદ ૧૩ (તા. ૨૪ માર્ચ) : ગુરુદેવ સાથે ઘણા દિવસથી જેના દર્શનની પ્રતીક્ષા કરતા હતા તે પવિત્ર સમ્મેદશિખરધામના દર્શન થતાં આજે સૌને ઘણો હર્ષ થયો. હજી તો અનેક માઈલ દૂર હતા, આકાશમાં પણ વાદળા ઘેરાયેલા હતા, છતાં પણ જેમ ઘનઘોર કર્મવાદળને ભેદીને પણ સાધક પોતાના સાધ્યરૂપ સિદ્ધસ્વરૂપને દેખી લ્યે છે તેમ વાદળને વીંધીને પણ ભક્તોની દ્રષ્ટિ શિખરજી તીર્થધામને દેખી લેતી હતી. મધુવનની ઝાડીના મધુર દ્રશ્યો નીહાળતાં નીહાળતાં શિખરજી તીર્થની તળેટીમાં આવી પહોંચ્યા. ગુરુદેવ તીર્થમાં પધારતાં ભક્તોએ હોંશથી સ્વાગત કર્યું. તીર્થધામમાં બિરાજમાન ભગવંતોને ગુરુદેવ ભાવભીનાં હૃદયે ભેટયા, દર્શન કરીને અર્ધ ચડાવ્યો. તીર્થધામમાં ગુરુદેવ સાથે દર્શન કરતાં પૂ. બેનશ્રી–બેન વગેરે સૌને ઘણો હર્ષ થયો. એ પુષ્પદંત સ્વામી ને પાર્શ્વનાથ સ્વામી, એ મહાવીરાદિ ૨૪ ભગવંતો ને નંદીશ્વરધામ, ચંદ્રપ્રભ ભગવાન અને માનસ્તંભ, તેમજ બાહુબલી ભગવાન વગેરેના આનંદપૂર્વક દર્શન કર્યા. સ્વાગત પછીના મંગલાચરણમાં ગુરુદેવે કહ્યું કે આ સમ્મેદશિખરજી તીર્થ તે મંગળ છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવ એ ચાર પ્રકારે મંગળ છે. ભગવંતોએ મંગળ ભાવવડે જ્યાં સિદ્ધપદને સાધ્યું તે ક્ષેત્ર પણ મંગળ છે. આ સમ્મેદશિખરજી ધામથી અનંતા જીવો સિદ્ધ થયા છે ને ઉપર લોકાગ્રે સમશ્રેણીએ બિરાજે છે. તે સિદ્ધભગવંતોના સ્મરણમાં નિમિત્તરૂપ આ ક્ષેત્ર પણ મંગળ છે ને સિદ્ધસ્વરૂપના સ્મરણનો પોતાનો ભાવ તે પણ મંગળ છે. આ રીતે તીર્થધામમાં મંગળ કર્યું. બપોરે સમયસાર–કર્તાકર્મ અધિકાર (ગા. ૭૨) ઉપર પ્રવચન થયું. સાત બસ તથા વીસ જેટલી મોટર દ્વારા ૫૦૦ જેટલા યાત્રિકો સંઘમાં હતા, તે ઉપરાંત ઘણા યાત્રિકો સીધા ટ્રેઈન દ્વારા શિખરજી પહોંચ્યા હતા. ત્રણ હજાર ઉપરાંત શ્રોતાજનોથી સભામાં ગુરુદેવે પ્રથમ તો સીમંધરનાથને યાદ કર્યા, અને કુંદકુંદઆચાર્યદેવ વિદેહક્ષેત્રમાં પધાર્યા હતા–તેનો ઈતિહાસ કહ્યો. પછી ૭૨ મી ગાથા શરૂ કરતાં કહ્યું કે અહો! આત્મા અને આસ્રવોની ભિન્નતાનું આવું ભેદજ્ઞાન કરીને અંતરમાં રાગથી ભિન્ન ચૈતન્યના અનુભવમાં ઝુલતા ઝુલતા આચાર્યદેવ જ્યારે આ ગાથા લખતા હશે, –ત્યારે કેવો કાળ હશે!! અહો, ધન્ય એમની દશા!! સમ્મેદશિખર ઉપર બિરાજમાન અનંત સિદ્ધભગવંતો પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને ગુરુદેવે કહ્યું: પ્રભો! અહીંથી

પૂર્ણાનંદમય મોક્ષપદ સાધીને ઉપર લોકાગ્રે શિરછત્રરૂપે આપ બિરાજી રહ્યા છો.–એમ સિદ્ધ ભગવાનના સ્મરણ માટે આ જાત્રા છે.

પ્રવચન પછી શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી હતી,–જેમાં રથના સારથી તરીકે ગુરુદેવ બેઠા હતા; ઉલ્લાસપૂર્વક રથયાત્રા પાંડુકશિલાએ પહોંચી હતી. પાંડુકશિલાના સ્થાનેથી સમ્મેદશિખર તીર્થનું દ્રશ્ય ઘણું સુંદર દેખાય છે. એકબાજુ ચંદ્રપ્રભુની ટૂંક ને બીજે છેડે પારસપ્રભુની ટૂંક–તથા વચ્ચેની અનેક ટૂંકોનું રળિયામણું દ્રશ્ય જોતાં એ અનંતા સાધક–સન્તોની સ્મૃતિ થાય છે કે જેઓએ અહીંથી સિદ્ધિ પ્રાપ્ત કરી.–ને આપણે પણ એ જ ધ્યેયે પહોંચવાનું છે.

રાત્રે મંદિરજીમાં પૂ. બેનશ્રી–બેને ભક્તિ કરાવી હતી; તીર્થભક્તિ દ્વારા પૂ. ગુરુદેવ સાથેની તીર્થયાત્રાનો પ્રમોદ વ્યક્ત થતો હતો. ફાગણ સુદ ૧૪ ની સવારમાં શ્રી જિનેન્દ્રમહાપૂજનનો ખાસ કાર્યક્રમ રાખ્યો હતો. ઘણા લોકોએ સવારે પ્રવચનની માંગણી કરી ત્યારે ગુરુદેવે કહ્યું કે આ મોટું તીર્થ છે અને અષ્ટાહ્નિકાની ચૌદસનો મોટો દિવસ છે એટલે આજે પૂજા કરવાના ભાવ છે. સવારમાં ગુરુદેવ સહિત આખા સંઘના હજાર ઉપરાંત યાત્રિકો પ્રભુપૂજા કરવા ઉમટયા ને જિનાલય આનંદભર્યા કોલાહલથી ઉભરાઈ ગયું. પૂ. બેનશ્રી–બેને ઘણા ભક્તિભાવથી પૂજા ભણાવી. ચોવીસ ભગવાનની પૂજા, નંદીશ્વર પૂજા, શિખરજી–પૂજા વગેરે પૂજાઓ થઈ. એક હજાર જેટલા યાત્રિકો પૂજનમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. બપોરે પ્રવચન પછી વીસપંથી કોઠી સામે પહાડ ઉપર બિરાજમાન બાહુબલી ભગવાનનો મહાઅભિષેક થયો; ભક્તિ–પૂજન બાદ અભિષેકનો પ્રારંભ ગુરુદેવના સુહસ્તે થયો; વિશ્વપ્રસિદ્ધ બાહુબલી ભગવાનના મહાઅભિષેકને યાદ કરી કરીને ભક્તો અભિષેક કરતા હતા. પર્વતની તળેટીમાં બાહુબલી ભગવાનનું વીતરાગી દ્રશ્ય મુમુક્ષુના ચિત્તને આકર્ષે છે. હવે આવતીકાલે શિખરજી તીર્થની વંદના કરવા પર્વત ઉપર જવાનું હોવાથી યાત્રિકો યાત્રા માટેની તૈયારીમાં લાગી ગયા હતા. બે દિવસથી નજર સામે જ દેખાતા તીર્થરાજ ઉપર જલ્દી જલ્દી પહોંચી જઈએ–એમ યાત્રા માટે ભક્તોનું હૃદય થનગની રહ્યું હતું. રાતના બે વાગ્યા ત્યાં તો ગુરુદેવ તૈયાર થઈ ગયા ને અઢી વાગે સિદ્ધ ભગવાનના જયજયકારપૂર્વક આનંદથી સમ્મેદશિખરજી મહાતીર્થની યાત્રા શરૂ કરી. ઘણા યાત્રિકોએ તો એક વાગ્યાથી જ પર્વત ઉપર ચડવાનું શરૂ કરી દીધું હતું ને ઉપર જઈને ગુરુદેવના પધારવાની રાહ જોતા હતા; આ તરફ ગુરુદેવની સાથે ભક્તિ

કરતાં કરતાં ઉમંગથી યાત્રિકો પર્વત ચડી રહ્યા હતા; ગુરુદેવના પગલે પગલે યાત્રા કરી રહેલા પૂ. બેનશ્રી–બેન વિધવિધ ભક્તિપૂર્વક આનંદ કરાવતા હતા...એટલે કઠિન માર્ગ પણ સુગમ બની જતો હતો. જાણે ભક્તિના બળથી જ પર્વતારોહણ થઈ જતું હતું; યાત્રિક જરાક થાકે ત્યાં સન્તોનો સાથે એના થાકને ઉતારી દેતો હતો ને સિદ્ધિધામમાં પહોંચવાનું બળ આપતો હતો. કુદરત પણ યાત્રામાં સાથ આપતી હોય તેમ આકાશમાં પૂર્ણચન્દ્ર પ્રકાશીને માર્ગને પ્રકાશિત કરતો હતો, હવામાન પણ ખુશનુમા હતું; વચ્ચે વચ્ચે ગુરુદેવ તીર્થંકરોનું ને સિદ્ધોનું સ્મરણ કરીને ઉદ્ગાર કાઢતા; ખાડા–ટેકરાવાળો માર્ગ દેખીને તેઓ કહેતા કે ભગવાન તીર્થંકરદેવ તો આકાશમાં પાંચહજાર ધનુષ ઊંચે વિચરતા હતા. ભગવંતો અહીં વિચરતાં હતા; મુનિઓ અહીં બિરાજતા હતા; ને ઉપર અનંત સિદ્ધભગવંતો અત્યારે બિરાજી રહ્યા છે.–સાદિઅનંત કાળ એમ ને એમ બિરાજમાન રહેશે. તેમની સ્મૃતિ માટે આ યાત્રા છે.

આમ ગુરુદેવ સાથે સિદ્ધોને યાદ કરતા હતા ને ભક્તિ કરતા કરતા સમ્મેદશિખર પાવનતીર્થની યાત્રા કરતા હતા. વનઝાડીના રમણીય અને શાંત વાતાવરણ વચ્ચે મોક્ષમાર્ગની વીતરાગી ભાવનાઓ સ્ફૂરતી હતી. પગલે પગલે સન્તોના સાથમાં આવા મહાન તીર્થની યાત્રા કરતા ભક્તોને ઘણો જ હર્ષોલ્લાસ થતો હતો. અઢી કલાક બાદ શીતલનાલા ને ગંધર્વનાલા વટાવીને લગભગ પાંચ વાગે દૂર દૂર દેખાતી પારસપ્રભુની સુવર્ણભદ્ર ટૂંકના દર્શન થયા. ઊંચી ઊંચી ટૂંક દેખતાં, આપણે અહીં સુધી પહોંચવાનું છે' એમ પોતાના ધ્યેયના લક્ષે યાત્રિકના પગમાં નવું જ જોર આવે છે ને પારસપ્રભુના જયજયકાર કરતા આગળ વધે છે. થોડીવારમાં ચંદ્રપ્રભુની ટૂંક પણ દેખાય છે. શિખરજીના બંને છેડાની ઊંચી ઊંચી બે ટૂંક એકસાથે જોતાં આખા શિખરજીતીર્થને જાણે નયનોમાં સમાવી દઈએ...ને બધાય સિદ્ધભગવંતોને જ્ઞાનમાં સમાવી દઈએ–એવી ભક્તિભીની ઊર્મિ જાગે છે; ને આ પાવન તીર્થરાજની વિશાળતા પાસે યાત્રિકનું શિર ઝૂકી જાય છે. થોડીવારમાં પહેલી ટૂંક આવી ને સૌ યાત્રિકોમાં આનંદ વ્યાપી ગયો. જયજયકાર કરતા ભીડને ભેદીને કુંથુનાથ પ્રભુના ચરણોને ભેટયા. બેનશ્રી–બેન પૂજનમંત્ર બોલ્યા ને ગુરુદેવ સાથે સૌએ 'અર્ઘં–...સ્વાહા' કર્યું. દર્શન કરીને ગુરુદેવ તો ઝડપભેર બીજી ટૂંકે પહોંચ્યા. નવ ટૂંકના દર્શન બાદ ચંદ્રપ્રભુની ટૂંક આવી. બધી ટૂંકોથી જુદી દૂર આવેલી આ લલિત ટૂંક જાણે કે સંસારથી દૂર એવા ચંદ્રપ્રભુની એકત્વભાવનાને પ્રસિદ્ધ કરી રહી છે...દૂર કે નજીક અમારે અમારા

યાત્રાના ધ્યેયે પહોંચવું જ છે–એવા દ્રઢ નિશ્ચયના બળે યાત્રિક આગળ વધે છે, ને ‘દ્રઢ નિશ્ચયી’ મુમુક્ષુની જેમ પોતાના ઇષ્ટ ધ્યેયે પહોંચી જાય છે...આનંદથી ગુરુદેવ સાથે યાત્રા કરીને બીજી ટૂંકો તરફ પ્રસ્થાન કર્યું. ભગવાન આદિનાથ સ્વામી, અભિનંદન સ્વામી વગેરે ટૂંકોની યાત્રા કરી, જલમંદિરને વટાવીને થોડીવારમાં ફરીને પહેલી ટૂંકની પાસે આવી પહોંચ્યા. અહીં સુધીની સોળ ટૂંકની યાત્રા પ્રદક્ષિણાઆકારે થાય છે, લગભગ પાંચ માઈલ ઉપરાંત પ્રદક્ષિણા ફરીને થાકેલ યાત્રિક જ્યાં સામે નજર ઊંચી કરે છે ત્યાં તો પાર્શ્વપ્રભુની ટૂંક દેખાય છે ને એના હૈયામાં એવો હર્ષ જાગે છે કે એ થાકને ઘડીભર ભૂલી જાય છે. પાછલા ભાગમાં નજર કરીને જોતાં ખ્યાલ આવે છે કે કેટલી બધી ઊંચી ઊંચી ટૂંકોની યાત્રા કરી આવ્યા! સિદ્ધિધામની આવી મહાન વિશાળતા દેખીને દ્રષ્ટિ તૃપ્ત થાય છે, ને હૈયામાં યાત્રાનો સંતોષ અનુભવાય છે. ફરીને ઉપરના સિદ્ધ ભગવંતો સન્મુખ દ્રષ્ટિ કરીને, અને સંતોનું સ્મરણ કરીને ગુરુદેવના પગલે પગલે વચ્ચે સુપાર્શ્વનાથ, નેમનાથ વગેરે ટૂંકોની યાત્રા કરીને ધીરે ધીરે પાર્શ્વનાથપ્રભુની ટૂંકે આવી પહોંચ્યા...પ્રભુજીના ચરણના દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. મંદિર સેંકડો યાત્રિકોથી ખીચોખીચ ભરાઈ ગયું. તીર્થધામની આજની યાત્રાથી ગુરુદેવ પણ બહુ આનંદિત હતા ને વારંવાર કહેતા હતા કે યાત્રા બહુ સરસ થઇ. યાત્રા પ્રસંગે પૂ. બેનશ્રી–બેને તીર્થમહિમાનું એક ખાસ ભાવભીનું સ્તવન બનાવ્યું હતું તે પૂ. ગુરુદેવનું આપ્યું ને ગુરુદેવે સમ્મેદશિખરજી મહાતીર્થના સૌથી ઊંચા શિખર ઉપર (સુવર્ણભદ્ર ટૂંક ઉપર) એ સ્તવન ગવડાવ્યું–

અનંત જિનેશ્વરદેવ પ્રભુજીને લાખો પ્રણામ,
શાશ્વત તીરથધામ પ્રભુજીને લાખો પ્રણામ.
અનંત જિનેશ્વર મુક્તિ પધાર્યા, સમશ્રેણીએ સિદ્ધિ બિરાજ્યા,
ચૈતન્યમંદિરે નિત્ય વિચરતા, સિદ્ધાનંદની લહેરે વસતા;
અશરીરી ભગવાન પ્રભુજીને લાખો પ્રણામ.
જ્ઞાનશરીરી ભગવાન પ્રભુજીને લાખો પ્રણામ.
વિચર્યા અનંત તીર્થંકર દેવા, કણકણ પાવન થયા શિખરના,
અનંત તીર્થંકર સ્મરણે આવે, અનંત મુનિના ધ્યાનો સ્ફૂરે,
પાવન સમ્મેદાધામ પ્રભુજીને લાખો પ્રણામ.

અહા, એ વખતના ગુરુદેવના ભાવો અદ્‌ભુત હતા. યાત્રા વખતે જેવા ભાવો ગુરુદેવના હૃદયમાં ઘોળાતા હતા, એવા જ ભાવો પૂ. બેનશ્રીબેને આ સ્તવનમાં ભરી દીધા હતા. ( પૂરું સ્તવન આ અંકમાં આપ્યું છે. )

આમ આનંદપૂર્વક યાત્રા પૂરી થઈ; આ યાત્રાની આનંદકારી સ્મૃતિરૂપે શિખરજીની સૌથી ઊંચી ટૂંક ઉપર બેઠાબેઠા ગુરુદેવે હસ્તાક્ષરમાં લખ્યું કે ‘સમ્મેદશિખર કી જય હો...જય હો !

સેંકડો યાત્રિકો પણ ગુરુદેવ સાથે આનંદકારી યાત્રા પૂરી કરીને જયજયકાર ગજાવતા પહાડ ઉપરથી ઉતરવા માંડયા...પૂ. બેનશ્રીબેન પણ સાથે ને સાથે જ હતા. આનંદમંગલના ગીત ગાતાં ગાતાં દોઢ વાગે નીચે આવી પહોંચ્યા...ને મહાનસિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાન ગુરુના જયજયકારથી તીર્થધામ ગૂંજી ઊઠયું.

તીર્થધામમાં યાત્રિકોનો આનંદકારી મેળો હતો ને યાત્રિકો જિનેન્દ્રવૈભવના દર્શન–પૂજન ઉમંગથી કરતા હતા, તીર્થમાં ફરતા હતા ને તીર્થમહિમાની ચર્ચા કરતા હતા. ફાગણ વદ બીજના રોજ તીર્થયાત્રાની ખુશાલીમાં જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી, જિનરથના સારથિ તરીકે કહાનગુરુ શોભતા હતા, ને પાંડુકશિલા પર જિનેન્દ્રદેવનો પ્રથમ અભિષેક ગુરુદેવના સુહસ્તે થયો હતો. રાત્રે જિનેન્દ્રભક્તિ થઈ હતી, ફાગણ વદ ત્રીજ ( તા. ૨૮ ના રોજ ) બસના યાત્રિકો ચંપાપુરી–મંદારગિરિ તીર્થની યાત્રાએ ગયા હતા. મંદારગિરિ–ચંપાપુરીમાં વાસુપૂજ્ય ભગવાનના પાંચ કલ્યાણક થયા છે. દશ વર્ષ પહેલાંની તીર્થયાત્રામાં ફાગણ સુદ ૧૧ ના દિવસે ચંપાપુરીમાં ગુરુદેવે વાસુપૂજ્ય પ્રભુનો અભિષેક કર્યો હતો ને ઘણા હર્ષોલ્લાસથી યાત્રા કરી હતી. તા. ૨૮ ની બપોરે ગુરુદેવ વગેરે ઈસરી–આશ્રમમાં પધાર્યા હતા, ત્યાં દર્શન–ભક્તિ કર્યા હતા. ફાગણ વદ ( તા. ૨૯ ) ના રોજ ગિરડીહના સમાજની વિનંતિથી ગુરુદેવનું પ્રવચન ગિરડીહમાં થયું હતું. ગિરડીહ જતાં વચ્ચે રસ્તામાં જાંૃભિકાગામની ૠજાુવાલિકા નદી આવે છે ( જેને અત્યારે બરાકર નદી તરીકે ઓળખવામાં આવે છે )–તે નદી કિનારે મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું હતું, તે મંગલ ક્ષેત્રનું અવલોકન કર્યું. તથા પાર્શ્વનાથ ભગવાનના કેવળજ્ઞાનનો આજે મંગળ દિવસ હતો. આમ ક્ષેત્રમંગળ ને કાળમંગળ ઉપરાંત ભાવમંગળનું સ્વરૂપ ( એટલે કે સર્વજ્ઞદેવની પરમાર્થ સ્તુતિનું સ્વરૂપ ) સમયસારની ૩૧ મી ગાથા દ્વારા ગુરુદેવે સમજાવ્યું.

હતું. આ રીતે જાણે સિદ્ધધામમાં કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવાયો હતો. બપોરે પ્રવચન પછી કેવળજ્ઞાન–કલ્યાણકને અનુલક્ષીને પાંડુક શિલાના સ્થાનેથી સમ્મેદશિખરજી મહાતીર્થનું પૂજન થયું હતું. જાણે ફરીથી સિદ્ધિધામની યાત્રા જ કરતા હોઈએ એવા ઉમંગથી ગુરુદેવ સાથે પૂજન કર્યું હતું. તીર્થ–પૂજન કરતાં ગુરુદેવને પણ ઘણી પ્રસન્નતા થતી હતી. પૂ. બેનશ્રી–બેન વિધવિધ પ્રકારના પૂજન–ભક્તિવડે યાત્રિકોના ઉલ્લાસમાં અનેરો રંગ પૂરતા હતા. અહીંથી શિખરજીનું પાવન દૃશ્ય ઘણું જ મનોહર દેખાય છે, એક છેડે ચંદ્રપ્રભુની ટૂંક ને બીજા છેડે પાર્શ્વપ્રભુની ટૂંક, તથા વચ્ચેની અનેક ટૂંક અહીંથી દેખાય છે. મધુવનમાં સ. ગાથા ૭૨ ઉપર ગુરુદેવના સાત પ્રવચનો થયા; દરેક પ્રવચનમાં ગુરુદેવ તીર્થરાજને યાદ કરીને કહેતા કે અહીં તો ઉપર અનંતા સિદ્ધભગવાન બિરાજે છે; ભગવાનના આવા ધામમાં તો આત્માની ઊંચી વાત સમજવી જોઈએ ને! ભગવાનના ધામમાં વારંવાર ભગવંતોને યાદ કરીને, હાથવડે ઉપરના સિદ્ધાલયનું દિગ્દર્શન કરીને ગુરુદેવ સિદ્ધિનો પંથ દેખાડતા હતા. –આમ આનંદપૂર્વક છ દિવસ સુધી ગુરુદેવ સાથે શિખરજી–સિદ્ધિધામમાં રહ્યા; ને ફાગણ વદ પાંચમે શિખરજી ધામના પુનઃ પુનઃ દર્શન કરીને પાવાપુરી તીર્થધામ તરફ પ્રસ્થાન કર્યું.

**પાવાપુરી-સિદ્ધિધામઃ** ( ફા. વદ પાંચમ તથા છઠ્ઠ ) ચંપાપુરી–મંદારગિરિ તીર્થની યાત્રાએ ગયેલા યાત્રિકો તીર્થયાત્રા કરીને પાવાપુર પહોંચી ગયા હતા ને ગુરુદેવના આગમનની રાહ જોતા હતા. સવારમાં ગુરુદેવ પધારતાં ઉમંગથી સ્વાગત કર્યું; શરૂઆતમાં ગુરુદેવ જલમંદિરમાં પધાર્યા ને ભાવપૂર્વક દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. પછી ધર્મશાળાના મંદિરે આવીને મહાવીરપ્રભુના દર્શન કર્યા. પાવાપુરી અતિશય રળિયામણું સિદ્ધક્ષેત્ર છે. પદ્મસરોવર વચ્ચે જલમંદિરમાં વીરપ્રભુના ચરણો શોભે છે ને ભગવાનના મોક્ષગમનની સ્મૃતિ તાજી કરાવે છે. આ પદ્મસરોવરના કાંઠે જ ધર્મશાળામાં સંઘનો ઉતારો હતો. બપોરે પ્રવચનમાં સમયસારનો પહેલો કળશ વાંચ્યો હતો; ગુરુદેવ સિદ્ધક્ષેત્રમાં સિદ્ધભગવંતોને વારંવાર યાદ કરતા હતા, સિદ્ધિનો માર્ગ દેખાડતા હતા. પ્રવચન પછી ભવ્ય રથયાત્રા નીકળીને પદ્મસરોવરે ગઈ હતી ને ત્યાં ઉત્સાહપૂર્વક જિનેન્દ્ર ભગવાનના પૂજન–અભિષેક થયા હતા. રાત્રે વીરપ્રભુજી સન્મુખ પૂ. બેનશ્રી–બેને ભાવભીની ભક્તિ કરાવી હતી. વીરપ્રભુના મનોજ્ઞ પ્રતિમા જોતાં, જાણે કે પાવાપુરીમાં મોક્ષગમન માટે મહાવીરપ્રભુ તૈયાર ઊભા હોય–એવું

વાતાવરણ સ્મૃતિસમક્ષ તરવરે છે. સંતોની સાથે આવા પવિત્ર તીર્થોની યાત્રા અને પૂજન–ભક્તિ કરતાં વિશેષ ભાવો જાગે છે.

બીજે દિવસે સવારમાં પાવાપુરીથી વીસેક માઈલ રાજગૃહી તીર્થધામમાં યાત્રા કરવા ગયા. ભગવાન મહાવીરપ્રભુના દિવ્યધ્વનિના ધોધ જ્યાંથી વહેવા શરૂ થયા એવા વિપુલાચલધામના દર્શનથી ઘણો આનંદ થયો; એને જોતાં ભગવાનનું સમવસરણ ને ગૌતમસ્વામીનું ગણધરપદ, બાર અંગની રચના, મુનિસુવ્રત ભગવાનના ચાર કલ્યાણક, વગેરેનું સ્મરણ થતું હતું. આ રાજગૃહી ૨૩ તીર્થંકર ભગવંતોના સમવસરણથી પાવન થયેલી છે. ગુરુદેવ સાથે રાજગૃહીના જિનાલયમાં તીર્થપૂજા કરી, પૂ. બેનશ્રી–બેને ભક્તિ પણ કરાવી; ઘણા યાત્રિકોએ પંચ પહાડીની યાત્રા કરી. પાછા ફરતાં નાલંદાના અને કુંડલપુર–જિનાલયના દર્શન કર્યા, ફરી પાવાપુર આવીને વીરપ્રભુના મોક્ષધામમાં ભાવભીનાં ભક્તિ–પૂજન બેનશ્રી–બેને કરાવ્યા, બપોરે પાવાપુરીના બીજા સ્થાનોનું અવલોકન કર્યું. જલમંદિર સામેના એક મંદિરમાં વીરપ્રભુના પ્રાચીન ચરણકમળ બિરાજે છે ત્યાં પણ ભાવથી દર્શન કર્યા. બપોરે જલમંદિરમાં વીરચરણના અભિષેકપૂર્વક ભક્તિ થઈ હતી; અહા! ચૈતન્યરસભીની ભક્તિવડે સાધકસન્તો સિદ્ધાલયમાં આનંદધામમાં બિરાજમાન સિદ્ધભગવંતોનો સાક્ષાત્કાર કરાવતા હતા, ને વિધવિધ પ્રકારે પરમ મહિમા કરતા હતા. યાત્રામાં આવા અપૂર્વ ભાવો જોવાનો અવસર મળતાં ભક્તો ધન્યતા અનુભવતા હતા. રાત્રે પણ જલમંદિરમાં ભક્તિ થઈ હતી. આમ આનંદપૂર્વક પાવાપુરી તીર્થધામ સિદ્ધક્ષેત્રમાં ગુરુદેવ સાથે બે દિવસ રહીને ભક્તિ–પૂજન કર્યા.

બીજે દિવસે સવારમાં યાત્રાસંઘ પ્રસ્થાન કરીને કોડરમા (ઝૂમરી તલૈયા) આવ્યા; અહીંના સમાજે પ્રેમથી સ્વાગત કર્યું. અહીં કિંમતી અબરખની ખાણો છે, રસ્તામાં જ્યાં જુઓ ત્યાં અબરખના ઢગલા નજરે પડે છે. અબરખનો ઉદ્યોગ મોટા પાયા પર ચાલે છે. બપોરે પ્રવચનમાં અબરખનું દૃષ્ટાંત આપતાં ગુરુદેવે કહ્યું કે જેમ અબરખમાં અનેક પડ છે તેમ ચૈતન્યશક્તિમાં કેવળજ્ઞાનના અનંતા પડ ઉખડે એવી તાકાત છે; અનંત કેવળજ્ઞાન ને આનંદની પર્યાય ખીલે તોપણ આત્માની જ્ઞાન ને આનંદની શક્તિ કદી ઓછી થાય નહિ. પ્રવચન પછી તુરત પ્રસ્થાન કરીને સંઘ અને ગુરુદેવ હજારીબાગ આવ્યા. રાત્રે સ્વાગતપૂર્વક ગુરુદેવ જિનાલયમાં પધાર્યા ને ત્યાં મંગલ–પ્રવચન કર્યું.

ફાગણ વદ ૮ (તા. ૨) ની સવારમાં હજારીબાગથી પ્રસ્થાન કરીને ગુરુદેવ રાંચી શહેર પધાર્યા. ભક્તોએ ઉમંગભર્યું સ્વાગત કર્યું. અહીંના અનુપચંદભાઈ ખારાના સુપુત્રી બ્ર. કોકિલાબેન સોનગઢ બ્રહ્મચર્યાશ્રમમાં પૂ. બેનશ્રી–બેનની છાયામાં રહે છે, તેમનું આ ગામ હોવાથી વિશેષ ઉત્સાહ હતો; શેઠશ્રી નરભેરામભાઈ કામાણી વગેરે પણ આવ્યા હતા. ભવ્ય જિનાલયમાં દર્શન કર્યા બાદ બાજુના જૈન સભાભવનમાં હજારથી વધુ શ્રોતાજનો વચ્ચે માંગળિક તરીકે ગુરુદેવે "સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" એ સૂત્ર ઉપર વિવેચન કરીને વીતરાગી મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવ્યું. બપોરના પ્રવચનમાં "હે જગતના જીવો! હવે તો જડ–ચેતનની એકત્વબુદ્ધિરૂપ મોહને છોડો!"–એ શ્લોક ઉપર ગુરુદેવે વિવેચન કરીને ભેદજ્ઞાનની પ્રેરણા આપી હતી. પ્રવચન બાદ જિનમંદિરમાં ઉલ્લાસપૂર્વક ભક્તિ થઈ હતી. તથા રાત્રે તત્ત્વચર્ચા થઈ હતી. બીજે દિવસે સવારમાં જિનમંદિરમાં સેંકડો યાત્રિકોએ સમૂહ– પૂજન કર્યું હતું; અને બપોરે પ્રવચન પછી ભક્તિ થઈ હતી. બંને દિવસ યાત્રાસંઘ ઉપરાંત રાંચીના સેંકડો જિજ્ઞાસુઓએ પ્રવચનાદિનો લાભ લીધો હતો ને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. બે દિવસનો કાર્યક્રમ આનંદથી પૂર્ણ કરીને ફાગણ વદ દશમના સુદિને સવારમાં જયજયકારપૂર્વક રાંચીથી ધનબાદ તરફ પ્રસ્થાન કર્યું.

ફાગણ વદ દશમે ગુરુદેવે ધનબાદ પધારતાં ધનબાદ શહેરમાં ગુજરાતી–સમાજના ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો ને બપોરે પ્રવચનમાં હજારેક શ્રોતાજનોએ ભાગ લીધો હતો. સાંજે ધનબાદથી પ્રસ્થાન કરી આસનસોલ રાત રહીને, બીજે દિવસે ચિન્સુરા આવ્યા. ત્યાં જિનમંદિરમાં શાંત વાતાવરણમાં પ્રાચીન જિનબિંબોના દર્શન કર્યા. જિનમંદિર સાથે જ ધર્મશાળા હતી. સાંજે કલકત્તા પહોંચી ગયા.

તા. ૬ એપ્રીલ સવારમાં કલકત્તામાં ભવ્ય સ્વાગત થયું. પાર્કના ભવ્ય મંડપમાં પ્રથમ સ્વાગતાધ્યક્ષ શેઠશ્રી ગજરાજજી ગંગવાલે સ્વાગત–પ્રવચન કર્યું, ત્યારબાદ ત્રણ–ચાર હજાર માણસોની સભામાં ગુરુદેવે મંગલપ્રવચન કર્યું. બંને વખત પ્રવચનોમાં ચાર–પાંચહજાર શ્રોતાજનો હોંશથી ભાગ લેતા હતા ને ગુજરાતી તથા મારવાડી સાધર્મીઓના મધુર મિલનનું દ્રશ્ય જોઈ આનંદ થતો હતો. કલકત્તાની ભીડમાં મુમુક્ષુઓને થતું કે કયાં સિદ્ધિધામ સમ્મેદશિખરજીનું ઉપશાંત વાતાવરણ! ને ક્યાં આ નગરીની ભીડ! આમ ભીડ વચ્ચે ત્રણ દિવસ પસાર કર્યા. તે દરમિયાન નયામંદિરમાં ભક્તિ–પૂજનના કાર્યક્રમો રાખ્યા હતા. બેલગછિયા પાર્શ્વનાથ જિનમંદિરના દર્શન કર્યા. ચોથે દિવસે સાંજે ગુરુદેવે કલકત્તાથી પ્રસ્થાન કર્યું.

卐 卐 卐

## બયાના શહેરમાં અપૂર્વ મંગળ સાથે અપૂર્વ જાહેરાત

### ગુરુદેવે મહાન ઉલ્લાસપૂર્વક પ્રસિદ્ધ કરેલી પૂર્વ ભવની આનંદકારી વાત

### પાંચસો વર્ષ પ્રાચીન સીમંધર પ્રભુની પ્રતિમા સમક્ષ થયેલો ભવ્ય ઉત્સવ

ફાગણ સુદ ૭ બયાના નગરમાં પહોંચ્યા........સીમંધર ભગવાન અહીંના જિનમંદિરમાં બિરાજે છે, તેમના ખાસ દર્શન કરવા માટે જ ગુરુદેવની ખાસ ભાવનાથી અહીંનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો; એટલે ગુરુદેવ સાથે સીમંધર ભગવાનના દર્શન કરતાં સૌને ઘણો જ હર્ષ થયો. પ્રથમ ગુરુદેવ પધારતાં સ્વાગત થયું ને ગુરુદેવ જિનમંદિરમાં દર્શન કરવા પધાર્યા. જિનેન્દ્ર ભગવંતોને અર્ઘ ચડાવતાં ચડાવતાં ને દર્શન કરતાં કરતાં જ્યાં સીમંધરપ્રભુની સમીપમાં આવ્યા કે તરત ઘણા ભાવથી ગુરુદેવ પ્રભુજીને દેખી રહ્યા. પાંચસો વર્ષ પ્રાચીન પ્રતિમાજી ઉપરના લેખમાં સીમંધરસ્વામીનું નામ વાંચ્યું. તેમાં લખ્યું છે કે पूर्व्वे विदेहके तीर्थकर्त्ता श्री जीवन्तस्वामी श्री श्रीमंधरस्वामी। ફરી ફરીને ગુરુદેવે એ નામ વાંચ્યું, ને તે લેખની નોંધ કરવાનું કહ્યું. ભાવભીના ચિત્તે ગુરુદેવ પ્રભુજીની નીકટમાં ઘણીવાર સુધી બેસી રહ્યા, અને પૂ. બેનોને ભક્તિ કરવાનું કહ્યું. થોડીવાર ભાવભીની ભક્તિ થઈ. ગુરુદેવે કહ્યું કે આ સીમંધર ભગવાનનાં દર્શન કરવા માટે જ અહીં આવ્યા છીએ. ત્યારબાદ પ્રવચન–સભામાં ભાવભીનું મંગલ–પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું–

‘મંગળ’ ચાર પ્રકારે છે–નામ, સ્થાપના, દ્રવ્ય, ને ભાવ; આત્માનું સ્વરૂપ જે શુદ્ધ ભૂતાર્થસ્વભાવ તે મંગળ છે; તે સ્વરૂપને સાધીને જેઓ સર્વજ્ઞ–પરમાત્મા થયા તે મંગળ છે; એવા પરમાત્મા સીમંધર ભગવાન અત્યારે વિદેહક્ષેત્રમાં બિરાજે છે; અને અહીં પણ સ્થાપના–નિક્ષેપથી સીમંધર પરમાત્મા બિરાજી રહ્યા છે. અમારે સોનગઢમાં પણ સીમંધર ભગવાનને પધરાવ્યા છે, પણ અહીં તો પાંચસો વર્ષ પ્રાચીન સીમંધર ભગવાનની પ્રતિમા છે; તેમના ખાસ દર્શન કરવા માટે અહીં આવ્યા છીએ. કોઈ કહેતું હતું કે हमारा गांव छोटा है, ભાઈ! ગાંવ ભલે છોટા હો લેકિન ભગવાન તો બડા હૈ! એવા સીમંધરાદિ પરમાત્માનું નામ મંગળરૂપ છે; તેઓ જ્યાં બિરાજતા હોય તે ક્ષેત્ર મંગળરૂપ છે; જે કાળમાં તેઓ જન્મ્યા, દીક્ષા લીધી કે કેવળજ્ઞાનાદિ પામ્યા

તે કાળ પણ મંગળ છે; ને જે ભાવથી તેઓ કેવળજ્ઞાનાદિ પામ્યા તે સમ્યક્ત્વાદિ ભાવ પણ મંગળરૂપ છે. અને ષટ્ખંડાગમમાં તો વીરસેનસ્વામીએ એક વિશેષ વાત કરી છે કે જે આત્મા તીર્થંકરાદિ થનાર છે ને કેવળજ્ઞાનાદિ પામનાર છે તે આત્મદ્રવ્ય ત્રિકાળ મંગળરૂપ છે.

અત્યારે સીમંધર ભગવાન પૂર્વવિદેહમાં તીર્થંકરપણે વિચરે છે. બે હજાર વર્ષ પહેલાં જેમની વાણી સાંભળીને કુંદકુંદાચાર્યદેવે શાસ્ત્રો રચ્યા, તે જ સીમંધરભગવાન અત્યારે પણ બિરાજી રહ્યા છે. તેમનું આયુષ્ય ક્રોડપૂર્વનું છે. જેમ ૨૪ તીર્થંકરની સ્થાપના થાય છે, તેમ સીમંધરભગવાન વગેરે વિદ્યમાન તીર્થંકરની પણ સ્થાપના થાય છે. તેનું અહીં પાંચસો વર્ષ પ્રાચીન પ્રમાણ આ મૂર્તિના શિલાલેખમાં છે, હમારે સોનગઢમેં તો માનસ્તંભમાં ચાર ઉપર, ચાર નીચે, સમવસરણમાં ચૌમુખી તથા મંદિરજીમાં બે–એમ સીમંધર ભગવાનની સ્થાપના છે, તેમજ સૌરાષ્ટ્ર વગેરેમાં ઘણે ઠેકાણે પણ સીમંધર ભગવાન બિરાજે છે; પરંતુ અહીં સીમંધર ભગવાનના પાંચસો વર્ષ પહેલાંના પ્રાચીન પ્રતિમાના દર્શનથી હમકો બડા પ્રમોદ આવ્યા! જેવા અહીં મહાવીરાદિ ૨૪ તીર્થંકરો થયા તેવા જ સીમંધર ભગવાન પણ તીર્થંકરપણે વિદેહમાં અત્યારે વિચરી રહ્યા છે. શું કહીએ! બીજી ઘણી વાત છે...

મંગળના શ્લોકમાં મહાવીર ભગવાન અને ગૌતમગણધર પછી ત્રીજું નામ કુંદકુંદાચાર્યદેવનું ( मंगलं कुन्दकुन्दार्यो ) આવે છે. તેઓ આ ભરતક્ષેત્રમાં બેહજાર વર્ષ પહેલાં થયેલા મહાન સંત હતા, આત્માના જ્ઞાન–આનંદના પ્રચુર સંવેદનમાં ઝુલતા હતા, અતીન્દ્રિય આનંદથી વિલસિત તેઓ મદ્રાસ પાસે ( ૮૦ માઈલ દૂર ) पोन्नूर પહાડ ઉપર રહીને આત્મધ્યાન કરતા હતા. એકવાર તેમને ભરતક્ષેત્રમાં તીર્થંકર–કેવળીનો વિરહ સાલ્યો, ને સીમંધર પરમાત્માનું ધ્યાન કર્યું. તેઓને આકાશમાં ચાલવાની મહાન લબ્ધિ હતી; અને દેહસહિત તેઓ સીમંધર પરમાત્મા પાસે વિદેહક્ષેત્રમાં ગયા હતા. અહા, એમની પવિત્રતા તો અલૌકિક, ને એમનાં પુણ્ય પણ કેવા અલૌકિક–કે ભરતક્ષેત્રના માનવીએ દેહસહિત વિદેહક્ષેત્રના તીર્થંકરની યાત્રા કરી ! વિદેહમાં આઠ દિવસ સુધી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને પછી ભરતક્ષેત્રમાં પોન્નૂર પર તેમણે સમયસારાદિ મહાન શાસ્ત્રો રચ્યા. તે વખતે જે સીમંધર પરમાત્મા બિરાજતા હતા તે જ અત્યારે પણ બિરાજી રહ્યા છે.

અહીં બયાનામાં પણ પાંચસો વર્ષ પ્રાચીન સીમંધર ભગવાન બિરાજે છે એ સાંભળ્યું ત્યારથી તે પ્રતિમાજીના દર્શન કરવાની ભાવના હતી. જયપુરના ઉત્સવના

કારણે આ તરફ આવવાનું થયું, ને અહીંના સીમંધર ભગવાનના દર્શન કર્યા. ખાસ આ દર્શન કરવા માટે જ અહીં આવ્યા છીએ. ગાંવ છોટા હો યા બડા, પરંતુ ભગવાન તો મોટા બિરાજી રહ્યા છે. આ સીમંધરભગવાન હમારા પ્રભુ હૈ, હમારા દેવ હૈ, તેમનો અમારા ઉપર મહાન ઉપકાર છે. આ પહેલાંના ભવમાં અમે તે ભગવાન પાસે હતા. પણ અમારી ભૂલના કારણે અહીં ભરતમાં આવ્યા છીએ કુંદકુંદાચાર્યદેવ અહીંથી સીમંધરપરમાત્મા પાસે આવ્યા ને ભગવાનની વાણી સાંભળી ત્યારે હમ ભી વહાં ઉપસ્થિત થે. આ દોનોં બહેનોંકા આત્મા ભી પુરુષભવમેં વહાં ઉપસ્થિત થે. કુંદકુંદાચાર્ય કો હમને સાક્ષાત્ દેખે હૈ, વિશેષ ક્યાં કહે? ઔર ભી બહુત ગંભીર બાત હૈ. સીમંધર પરમાત્માકા યહાં વિરહ હુઆ; યહાંકે ભગવાનની બાત સુનકર ઔર આજ સાક્ષાત્ દર્શન કર હમકો બહુત પ્રમોદ હુઆ.

* * *

મંગલ–પ્રવચન પૂરું થયું...બયાના નગરના એક ભાઈએ સ્વાગત–ગીત પણ ગાયું... પરંતુ કાર્યક્રમ પૂરો થાય ત્યાર પહેલાં પૂ. ગુરુદેવે અંતરમાં ઘૂંટાઈ રહેલી એક અત્યંત મહત્વની સોનેરી વાત જાહેર કરી...સીમંધરનાથના દર્શનથી અંતરમાં જાગેલા વિદેહક્ષેત્રના મધુર સંભારણા આજે ગુરુદેવના હૃદયમાં આનંદની ઉર્મિઓ જગાડતા હતા; ને હૃદયના ઘણા ઘણા ભાવો ખોલવાનું મન થતું હતું. પૂ. શ્રી ચંપાબેનને પૂર્વના ચાર ભવનું જાતિસ્મરણ જ્ઞાન છે અને પૂર્વભવમાં સીમંધર ભગવાન પાસે હતા, તે વાત પ્રસિદ્ધ કરતાં અત્યંત પ્રમોદ અને પ્રસન્નતાથી ગુરુદેવે કહ્યું કે–

જુઓ, અહીં સીમંધર ભગવાન બિરાજમાન છે; સીમંધર ભગવાનની અહીં સાક્ષી છે; આ ભગવાનની સાક્ષીમાં અહીં એ વાત પ્રસિદ્ધ કરું છું કે આ ચંપાબેનને (સામે બેઠેલા છે તેમને) ચાર ભવનું જાતિસ્મરણ જ્ઞાન છે. આ બંને બહેનો (ચંપાબેન અને શાન્તાબેન) પૂર્વે મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન પાસે હતા, ત્યાંથી અહીં આવ્યા છે. આ બે બેનો, હું તથા બીજા એક ભાઈ હતા–એમ ચાર જીવો ભગવાનની સમીપમાં હતા, પણ અમારી ભૂલથી અમે આ ભરતક્ષેત્રમાં આવ્યા. અહીં ૫૦૦ વર્ષ પ્રાચીન સીમંધર પ્રભુ બિરાજી રહ્યા છે, તેમને દેખીને ઘણો પ્રમોદ થયો. આ પરમાત્માની સમીપમાં હું આ વાત આજે અહીં ખુલ્લી મૂકું છું કે આ બેનો ને અમે પૂર્વે સીમંધર પરમાત્મા પાસે હતા ને આ ચંપાબેનને ચાર ભવનું જ્ઞાન છે. આત્માના જ્ઞાન ઉપરાંત તેમને તો ચાર ભવનું જ્ઞાન છે. આ સીમંધર ભગવાનની સાક્ષીએ સમાજમાં આ વાત બહાર પાડી છે. અમારા ઉપર ભગવાનનો મહા ઉપકાર છે.

અહા, સીમંધર ભગવાનની સમીપમાં ગુરુદેવના આવા પરમ ભાવભીનાં હૃદયઉદ્ગાર સાંભળીને શ્રોતાજનો હર્ષાનંદમાં તરબોળ બન્યા.....યાત્રામાં સૌ ધન્યતા અનુભવવા લાગ્યા. વિદેહીનાથ સીમંધરપ્રભુની ગુરુદેવે મહાન આનંદપૂર્વક યાત્રા કરાવી. એકેએક યાત્રિક બીજું બધું ભૂલીને સીમંધરનાથની ચર્ચામાં મશગુલ હતા. બયાના નગરમાં જ્યાં જુઓ ત્યાં ગુરુદેવના આજના હર્ષોદ્ગારનું વાતાવરણ દેખાતું હતું. જયપુરના ભવ્ય ઉત્સવ પછી તરત આવો મહાન આનંદકારી પ્રસંગ બન્યો–એ ખરેખર સીમંધર ભગવાનના પ્રતાપે ગુરુદેવદ્વારા ભરતક્ષેત્રમાં મહાન ધર્મવૃદ્ધિ થવાનું સૂચવે છે.

**જય હો સીમંધરનાથનો.......................**

**જય હો સીમંધરનંદન ગુરુદેવનો...................**

**જય હો વિદેહથી પધારેલા સન્તોનો...............**

* * *

આમ ઘણા જ પ્રમોદપૂર્વક ગુરુદેવે સીમંધરપ્રભુના ચરણસાન્નિધ્યમાં હૃદયના ભાવો ખોલ્યા. શ્રોતાજનોના હર્ષનો તો આજે પાર ન હતો. બયાનાની આવી આનંદકારી યાત્રાની તો કોઈને કલ્પનાય ન હતી. બયાના શહેર જાણે આજ સીમંધરનગર બની ગયું હતું. આજના આનંદકારી પ્રસંગની જ ચર્ચા ગુરુદેવ વારંવાર કર્યા કરતા હતા. હજી પણ હૃદયના ઘણા ઘણા ભાવો ખોલવાનું ગુરુદેવનું મન હતું. પ્રસન્નચિત્તે ફરીફરી તેમણે કહ્યું–કોઈ લોકો કહે છે કે તમે સીમંધરપ્રભુની પ્રતિમા કેમ પધરાવી? પણ ભાઈ, પ્રતિમા તો ૨૪ તીર્થંકરની તેમજ વિદ્યમાન તીર્થંકરોની પણ હોય છે. અહીં પાંચસો વર્ષ પહેલાં સીમંધરપ્રભુની સ્થાપના થઈ છે–એ જ એનો મોટો પુરાવો છે; ને પ્રતિમા ઉપર સીમંધરપ્રભુનો લેખ અત્યંત સ્પષ્ટ છે. તેમને जीवन्तस्वामी એટલે વિદ્યમાન તીર્થંકર કહ્યા છે. તેમના દર્શન કરવાનો વિચાર હતો, તે આજે સફળ થયો; ને ભગવાનની સમીપમાં આ વાત પ્રસિદ્ધ કરી, તે મંગળ છે.

અહીં તો સીમંધર ભગવાનની સ્થાપના છે; ને મહાવિદેહમાં સાક્ષાત્ સીમંધરપરમાત્મા અત્યારે બિરાજે છે. આ ચંપાબેનને ૪ ભવનું જ્ઞાન છે. પૂર્વ ભવમાં અમે ચાર જીવો ભગવાન પાસે હતા, ને તેમના જ્ઞાનમાં સ્પષ્ટ ભાસ્યું છે; બીજું પણ ઘણું છે. આત્મજ્ઞાન ઉપરાંત તેમને તો ચાર ભવનું જ્ઞાન છે. ત્રીસ વર્ષે આજે અહીં સીમંધરભગવાનની સાક્ષીમાં એ વાત જાહેર કરું છું. પૂર્વભવમાં આ બે બેનો તથા મારો આત્મા (ગુરુદેવનો આત્મા–રાજકુમાર તરીકે) ત્યાં ભગવાનની સમીપમાં હતા. ત્યાંથી અમે

ચાર જીવો આ ભરતક્ષેત્રમાં આવ્યા છીએ. અહીં ભગવાનની સમીપમાં આજે સમાજમાં આ વાત હું જાહેર કરું છું.

ગુરુદેવના શ્રીમુખથી વારંવાર આવી આનંદકારી જાહેરાત સાંભળતાં ભક્તોને ઘણો જ હર્ષ થતો હતો. આમ તો ગુરુદેવ ઘણા ભક્તોને અવારનવાર એ વાત કરતા, પણ ભરસભા વચ્ચે, આટલી મહાન પ્રસન્નતા પૂર્વક અને સીમંધર ભગવાનની સાક્ષીમાં ગુરુદેવે આજે જે પ્રસિદ્ધિ કરી તે ખાસ નવીનતા હતી. ને શ્રોતાજનો એ સાંભળી ધન્યતા અનુભવતા હતા. વાહ! આજની યાત્રા સફળ થઈ. ગુરુદેવ પણ અહીંના પ્રસંગને ફરી ફરી સેંકડોવાર આનંદથી યાદ કરે છે.

અહીંના સીમંધર ભગવાનની પ્રતિમાનું ચિત્ર અગાઉ આત્મધર્મમાં પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

આ પ્રતિમાજી ૫૦૦ વર્ષ પહેલાંના સ્થાપિત હોવા છતાં અત્યાર સુધી પ્રસિદ્ધ કેમ ન હતા, ને હમણાં જ કેમ પ્રસિદ્ધિમાં આવ્યા? તે સંબંધી ઈતિહાસ પણ જાણવા જેવો છે. જિનમંદિરની જે વેદી ઉપર આ ભગવાન બિરાજે છે તે વેદી ઉપર બીજા પણ અનેક પ્રતિમાજી બિરાજતા હતા; તેમાં આ પ્રતિમાજીના આગલા ભાગમાં બીજા એક પ્રતિમાજી એવી રીતે હતા કે તેના વડે સીમંધર ભગવાનની મૂર્તિ ઉપરનો લેખ ઢંકાઈ જતો હતો. ને છેલ્લા બસો વર્ષોથી પરંપરાગત લોકો ચંદાપ્રભુ તરીકે આ ભગવાનની પૂજા કરતા આવ્યા છે. એવામાં ગુરુદેવનો પ્રભાવ અને પ્રચાર બયાના સુધી પહોંચ્યા. બયાનાના જિજ્ઞાસુઓએ આત્મધર્મ દ્વારા તથા અભિનંદન–ગ્રંથમાં છપાયેલ સીમંધરપ્રભુની પ્રતિમાના અનેક ચિત્રો જોયા...તેમની મુદ્રા જાણે કે આ ભગવાનને મળતી આવતી હોય તેમ તેમને લાગ્યું. (વિશેષમાં આ વેદી ઉપર બિરાજમાન બીજી અનેક પ્રતિમાઓની નેત્રદ્રષ્ટિ કરતાં આ ભગવાનની નેત્રદ્રષ્ટિમાં એક વિશેષતા છે.) તેથી વચ્ચેના બીજા પ્રતિમાજીને એક તરફ લઈને આ પ્રતિમા ઉપરનો લેખ વાંચ્યો. લેખ વાંચ્યો અને પૂજારીને આશ્ચર્ય થયું કે અરે! યહ ચંદાપ્રભુ સીમંધરસ્વામી કૈસે બન ગયે? તેમને માટે આ એક આશ્ચર્યની વાત હતી, એટલે જૈન પત્રોમાં એ વાત પ્રસિદ્ધ કરી. ને એ રીતે બયાનાના આ સીમંધર ભગવાન પ્રસિદ્ધ થયા. પછી તો આપણે તેનો ખાસ ફોટો મંગાવીને આત્મધર્મમાં તે પ્રસિદ્ધ કર્યો. ને આજે ગુરુદેવે તેમની સાક્ષાત્ યાત્રા કરીને આ સીમંધર ભગવાનને સારા ભારતમાં પ્રસિદ્ધ કરી દીધા. એટલું જ નહિ, એ સીમંધરભગવાન સાથેના પૂર્વભવના સંબંધને પણ આનંદપૂર્વક પ્રસિદ્ધ કરીને મહાન મંગલ કર્યું.

**સીમંધર ભગવાનનો જય હો!**

બપોરે પણ ફરીફરીને સીમંધરનાથનું અવલોકન કરવા ગુરુદેવ પધાર્યા હતા, ને વારંવાર સૂક્ષ્મતાથી અવલોકન કરતાં તેમના અંતરમાં અવનવા ભાવો જાગતા હતા, ને પૂર્વના ઘણાં મધુર સ્મરણો તાજા થતા હતા. ભક્તોને ત્યારે એમ થતું હતું કે અહીં આ ભરતક્ષેત્રમાં સં. ૧૫૦૭ માં જ્યારે આ સીમંધર ભગવાન સ્થપાતા હશે ત્યારે ગુરુદેવ અને પૂ. બેનશ્રી–બેન વગેરે આત્માઓ તો વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધરનાથને સેવતાં હશે! એ વખતે બયાનામાં કોને કલ્પના હશે કે ૫૧૬ વર્ષ પછી સાક્ષાત્ સીમંધર ભગવાન પાસેથી ભક્તો અહીં આવીને આ સીમંધરનાથનાં દર્શન–પૂજન કરશે! બપોરે ભક્તોને ભાવના જાગી કે ગુરુદેવ સાથે અહીં આવ્યા છીએ તો ચાલો, ભગવાનનો અભિષેક પણ કરીએ ને ગુરુદેવ પાસે પણ અભિષેક કરાવીએ. ઉત્સાહથી અભિષેક માટેની ઊછામણી થઈ, ને ગુરુદેવે સ્વહસ્તે ભાવભીના ચિત્તે પોતાના વહાલા નાથનો અભિષેક કર્યો. ગુરુદેવના હસ્તે સીમંધરનાથના અભિષેકનું દ્રશ્ય દેખીને યાત્રિકસંઘમાં તેમજ બયાનાની જનતામાં હર્ષપૂર્વક જયજયકાર છવાઈ ગયો. અને સીમંધરનાથની આ યાત્રાની ખુશાલીમાં કુલ રૂા. ૫૫૫૫ (પાંચ હજાર પાંચસો પંચાવન) જિનમંદિર (બયાના) ને અર્પણ કરવામાં આવ્યા. તે ઉપરાંત બીજી પણ કેટલીક રકમો જાહેર કરવામાં આવી. બયાના શહેરના સંઘે ઘણો પ્રેમ બતાવ્યો હતો. ને ઉલ્લાસપૂર્વક આગતા–સ્વાગતા કરી હતી. બપોરના પ્રવચનમાં પણ ગુરુદેવે વારંવાર પોતાનો પ્રમોદ વ્યક્ત કર્યો હતો. (તે પ્રવચન આ અંકમાં આપ્યું છે.) પ્રવચનનું સ્થાન બરાબર સીમંધર ભગવાનની સન્મુખ નીકટમાં જ હતું, તેથી ગુરુદેવને વિશેષ ભાવો ઉલ્લસતા હતા. આજે દિવસ પણ ફાગણ સુદ સાતમ હતો; (દશ વર્ષ પહેલાં આ જ દિવસે સમ્મેદશિખરજીની યાત્રા કરી હતી, ને અત્યારે પણ તેની જ જાત્રા કરવા જઈ રહ્યા હતા.) પ્રવચન પછી ફરી એકવાર સીમંધરપ્રભુના દર્શન કરીને તથા બીજા મંદિરમાં દર્શન કરીને ભગવાનના જયજયકાર પૂર્વક ગુરુદેવે તેમજ યાત્રાસંઘે બયાનાથી ઈટાવા પ્રસ્થાન કર્યું.

વચ્ચે ફિરોઝાબાદના ભવ્ય જિનમંદિરના દર્શન કરવા યાત્રિકો રાત ત્યાં રોકાયા હતા. ગુરુદેવ રાત્રે આગ્રા થઈ બીજે દિવસે સવારમાં ફિરોઝાબાદ–જિનમંદિરના દર્શન કરીને ઈટાવા શહેર પધાર્યા. વચ્ચે જસવંતનગર ગામે મંદિરમાં દર્શન કર્યા હતા, તથા જૈનસમાજે સ્વાગત કર્યું હતું.

# ચૈતન્યરસના અનુભવનો ઉપદેશ

આચાર્યદેવ આત્માના અનુભવનો અને મોહને છોડવાનો ઉપદેશ આપે છે–હે જીવો! –જગતના બધા જીવોને કહે છે કે હે જીવો! તમે ચૈતન્યરસિક થઈને, પરદ્રવ્ય સાથેની એકત્વબુદ્ધિરૂપ મોહને છોડો. શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિરૂપ જે મોહ છે તે દુઃખદાયક છે, તે એકક્ષણ પણ રાખવા જેવી નથી. સ્વાનુભવપ્રત્યક્ષરૂપ જે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે આનંદરૂપ છે, તેના રસિક થઈને આનંદનો અનુભવ કરો.

ચોથા ગુણસ્થાનના મતિ–શ્રુતજ્ઞાન વડે પણ આત્માના સ્વસંવેદનપ્રત્યક્ષ વડે આનંદનો અનુભવ થાય છે. તે આનંદની જાત કેવળજ્ઞાનીના આનંદ જેવી જ છે. આવા આત્માના આનંદના અનુભવ વગર, રાગ સાથે એકત્વબુદ્ધિથી જીવ સંસારમાં દુઃખઅનુભવી રહ્યો છે. દુઃખનું કારણ સ્વ–પરની એકત્વબુદ્ધિ અને સુખનું કારણ સ્વ–પરનું ભેદવિજ્ઞાન છે. તેથી આચાર્યદેવ કહે છે કે–

જે કોઈ જીવો સિદ્ધ થયા છે તેઓ ભેદજ્ઞાનથી જ સિદ્ધ થયા છે.

જે કોઈ બંધાયા છે તેઓ ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.

ભેદજ્ઞાનનો અભાવ એટલે કે સ્વ–પરની એકત્વબુદ્ધિરૂપ મોહ તે જ દુઃખ અને સંસાર છે. રાગ અને જ્ઞાન વચ્ચે સૂક્ષ્મ લક્ષણભેદ છે, બંનેને એકતા નથી, પણ વચ્ચે સાંધ છે, એટલે ભેદજ્ઞાનરૂપ છીણીવડે તે બંને જુદા પડી જાય છે. ભેદજ્ઞાન એટલે જ્ઞાન અને રાગના ભિન્ન ભિન્ન લક્ષણના જ્ઞાન વડે, શુદ્ધ આત્માનું સ્વસંવેદન થાય છે ને રાગાદિ ભાવો જુદા રહી જાય છે. બંનેનું સ્વરૂપ જુદું છે એટલે બંને જુદા પડી શકે છે. આત્મા અને જ્ઞાન કદી જુદા ન પડી શકે, પણ આત્મા અને રાગ જુદા પડી શકે છે, કેમકે જ્ઞાન આત્માનું સ્વલક્ષણ છે પણ રાગ આત્માનું સ્વલક્ષણ નથી. જ્ઞાનનું વેદન તો આનંદરૂપ છે, ને રાગનું વેદન દુઃખરૂપ છે, એમ વેદનવડે બંનેના સ્વાદની ભિન્નતા જાણીને, હે જીવો! તમે ચૈતન્યના અત્યંત મધુર શાંતરસના રસિક બનો, ને રાગનો રસ છોડો. આત્માના સ્વભાવભૂત જ્ઞાન, અને અનાત્મારૂપ રાગ–એ બંનેને કદી એકમેકપણું થયું નથી; બંનેની જાત જ

જાુદી છે, તેમને કદી એકતા થઈ શકતી નથી, –આમ ભિન્નતા જાણીને રાગના કર્તૃત્વરૂપ (એટલે કે એકત્વબુદ્ધિરૂપ) મોહને છોડો, ને આત્મરસિક જનોને વહાલું એવું જે આ જ્ઞાન તેનો સ્વાદ લ્યો. –આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે; તે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. આવા અનુભવ વિના ભવભ્રમણનો અંત આવતો નથી.

આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ આત્માનું કાર્ય તો જ્ઞાનરૂપ જ હોય; જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાન સિવાય બીજાું શું કરે? જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાન સિવાય બીજા ભાવોને (રાગાદિને) કરે એવો અજ્ઞાનીનો મોહ છે. ભાઈ, જ્ઞાન જ્ઞાનને અનુભવે એ જ મોક્ષની ક્રિયા છે.

આવો અનુભવ કયા ગુણસ્થાને થાય? તો કહે છે કે ચોથા ગુણસ્થાનેથી જ આવો નિર્વિકલ્પ અનુભવ થાય છે. ભલે સતત એવી નિર્વિકલ્પદશા ટકતી નથી, પણ ચોથું ગુણસ્થાન પ્રગટાવવાના કાળે તો આવી નિર્વિકલ્પદશા જરૂર હોય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનની સાથે આત્માના સર્વે ગુણોનો એકઅંશ પ્રગટે છે. સમ્યગ્દર્શન થતાં આત્માનું પરિણમન પલટી ગયું, અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટયો, જ્ઞાનનો અંશ પ્રગટયો, ચારિત્રનો અંશ પ્રગટયો, –એમ અનંતગુણનો અંશ પ્રગટયો. અહો, ચોથા ગુણસ્થાનની દશા કોઈ અલૌકિક છે; એ તો મોક્ષમાર્ગમાં આવી ગયો, એને કેવળજ્ઞાનની બીજ પ્રગટી; તેને હવે કેવળજ્ઞાનરૂપ પૂનમ હોગી... હોગી ને હોગી. જે જીવ સ્વાનુભવનો પ્રયત્ન કરે છે તે જરૂર મોક્ષમાર્ગ પામે છે. સાચો પ્રયત્ન કરનારને કોઈ વિઘ્ન છે જ નહીં. ભગવાનના ઉપદેશ અનુસાર જે જીવ ઉદ્યમ વડે મોક્ષનો ઉપાય કરે છે તેને તો મોક્ષ જરૂર થાય છે.

ભાઈ! તેં ચૈતન્યરસની રુચિ છોડીને મોહથી માત્ર રાગનો રસ અનુભવ્યો છે, ચૈતન્યના ખરા રસને તેં જાણ્યો નથી. એકવાર રાગથી પાર થઈને અંતરમાં તારા ચૈતન્યતત્ત્વને દેખ... તારા ચૈતન્યપ્રકાશમાં અંધારૂં નથી. 'આ અંધારૂં છે' –એમ પણ જાણે છે કોણ? અંધારાને જાણનારો પોતે અંધારારૂપ નથી, અંધારાને જાણનાર પોતે તો જ્ઞાનપ્રકાશમય છે. તેમ રાગાદિ પરભાવો ચૈતન્યપ્રકાશથી ભિન્ન અંધકાર જેવા છે, તેઓ પોતે પોતાને જાણતા નથી. જેમ અંધારાને ખબર નથી કે હું અંધકાર છું; તેમ રાગને ખબર નથી કે હું રાગ છું. રાગને જાણનાર રાગથી જાુદો છે. રાગને જાણનારો પોતે રાગરૂપ થઈ જતો નથી; રાગથી ભિન્ન એવું જે જ્ઞાન, તે જ રાગને તેમજ પોતાને જાણે છે. આવા જાણનાર સ્વતત્ત્વનો મહિમા કરવો, તેનો રસ એટલે રુચિ કરવી અને તેનો અનુભવ કરવો તે મોક્ષનો માર્ગ છે. માટે મોક્ષાર્થીને આવો અનુભવ કરવાનો ઉપદેશ છે. તેના વડે મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ થાય છે.

# 卐 તીર્થ - સ્તવન 卐

( શ્રી સમ્મેદશીખરજી-તીર્થધામની યાત્રા પ્રસંગે આ તીર્થ-સ્તવન પૂ. બેનશ્રી-બેને બનાવેલું; યાત્રા બાદ પર્વત ઉપર પારસપ્રભુની ટૂંકે પૂ. ગુરુદેવે ભક્તિભાવપૂર્વક આ સ્તવન ગવડાવ્યું હતું. તીર્થભક્તિના ને આત્મિકભાવનાના અદ્‌ભુત ભાવો આ સ્તવનમાં નીતરી રહ્યા છે- )

( સં. ૨૦૨૩ ફાગણ સુદ ૧૫ )

અનંત જિનેશ્વરદેવ પ્રભુજીને લાખો પ્રણામ...પ્રભુજીને ક્રોડો પ્રણામ...
ચોવીસોં ભગવાન પ્રભુજીને લાખો પ્રણામ...પ્રભુજીને ક્રોડો પ્રણામ...
શાશ્વત તીરથધામ પ્રભુજીને લાખો પ્રણામ...પ્રભુજીને ક્રોડો પ્રણામ...૧

અનંત જિનેશ્વર મુક્તિ પધાર્યા, સમશ્રેણીએ સિદ્ધિ બિરાજ્યા,
પ્રગટયા પૂર્ણ નિધાન પ્રભુજીને લાખો પ્રણામ...૨

અનંત ગુણોના સાગર ઉછળ્યા, અપૂર્વ સિદ્ધપરિણતિએ પ્રણમ્યા;
અશરીરી ભગવાન...પ્રભુજીને લાખો પ્રણામ...
જ્ઞાનશરીરી ભગવાન...પ્રભુજીને લાખો પ્રણામ...૩

ચૈતન્યમંદિર નિત્ય વિચરતા, સિદ્ધાનંદની લહેરે વસતા;
ગુણોના નિધાન...પ્રભુજીને લાખો પ્રણામ...
જોગાતીત ભગવાન...પ્રભુજીને લાખો પ્રણામ...૪

વિચર્યા અનંત તીર્થંકર દેવા, કણકણ પાવન થયા શિખરના;
મંગળકારી મહાન...પ્રભુજીને લાખો પ્રણામ...૫

ચારણૠદ્ધિધારી પધાર્યા, ગણધરમુનિના વૃંદ પધાર્યા;
ધ્યાન કર્યા આ ધામ...પ્રભુજીને લાખો પ્રણામ... ૬

અનંત મુનિશ્વરે સ્વરૂપ સાધ્યા, અનંતા ક્ષપકશ્રેણીમાં ચડીયા;
પ્રગટયા કેવળજ્ઞાન...પ્રભુજીને લાખો પ્રણામ...
પામ્યા સિદ્ધિ મહાન...પ્રભુજીને લાખો પ્રણામ... ૭

ઇન્દ્ર–નરેન્દ્રોના વૃંદો ઉતરે, પ્રભુજીના ચરણે શીશ ઝુકાવે;
ગીરીરાજ મહાન...પ્રભુજીને લાખો પ્રણામ... ૮

સમવસરણ અદ્‌ભુત રચાવે, દિવ્યધ્વનિના નાદો ગાજે;
એવા શિખરના ધામ...પ્રભુજીને લાખો પ્રણામ... ૯

વનવૃક્ષોની ઘટાથી સોહે, મનહર ચૈતન્યધામ બતાવે;
સર્વ ગીરી શિરતાજ...પ્રભુજીને લાખો પ્રણામ... ૧૦

અનંત તીર્થંકર સ્મરણે આવે, અનંત મુનિના ધ્યાનો સ્ફૂરે;
પાવન સમ્મેદા ધામ...પ્રભુજીને લાખો પ્રણામ... ૧૧

ભરતભૂમિમાં અનંત ચોવીશી, શિખરજી પામ્યા સિદ્ધિ;
મહિમાવંત મહાન...પ્રભુજીને લાખો પ્રણામ...
વંદન સિદ્ધ ભગવાન...પ્રભુજીને લાખો પ્રણામ... ૧૨

ઇન્દ્રો સુરેન્દ્રો તુજને પૂજે, આનંદ મંગળ નિત્યે વર્તે;
ઉન્નત શિખરધામ...પ્રભુજીને લાખો પ્રણામ... ૧૩

આવા પવિત્ર ધામને નીરખ્યે, અંતરમાં આનંદ બહુ ઉછળે;
વંદન વારંવાર...પ્રભુજીને લાખો પ્રણામ...
વંદન હો અનંત પ્રભુજીને લાખો પ્રણામ... ૧૪

અપૂર્વ યાત્રા ગુરુદેવ સાથે અંતરમાં કોઈ આનંદ ઉલ્લસે;
વંદન હો ગુરુરાજ...પ્રભુજીને લાખો પ્રણામ... ૧૫

# સીમંધરધામ બયાના નગરીમાં ભાવભીનું પ્રવચન

**ફાગણ સુદ સાતમના રોજ સીમંધરભગવાનના દર્શન-પૂજન-ભક્તિ-અભિષેક ઉલ્લાસપૂર્ણ વાતાવરણ વચ્ચે ગુરુદેવનું આનંદકારી..પ્રવચન.**

**वंदित्तु सव्व सिद्धे**.........એ મંગલાચરણ દ્વારા કુંદકુંદાચાર્યદેવે આત્મામાં અનંત સિદ્ધોની સ્થાપના કરી છે. આત્માનો સ્વભાવ સિદ્ધસમાન છે એમ પ્રતીતમાં લઈને સ્વ–પરના આત્મામાં સિદ્ધની સ્થાપના કરી છે; ‘હું સિદ્ધ, તું સિદ્ધ’ –એમ સિદ્ધસ્વરૂપના લક્ષે શુદ્ધાત્માનું શ્રવણ કરજો. –એમ અપૂર્વ માંગળિક કર્યું છે.

સીમંધર ભગવાન પાસે વિદેહમાં કુંદકુંદાચાર્યદેવ ગયા હતા ને ત્યાં આઠ દિવસ રહીને દિવ્યધ્વનિનું શ્રવણ કર્યું હતું. –એ વાત અનેક પ્રમાણથી સિદ્ધ થઈ ગયેલી છે, ને સીમંધર ભગવાનનો મહાન ઉપકાર છે. તેમાં વળી અહીં પાંચસો વર્ષ પહેલાંનાં પ્રતિમાજી સીમંધરપ્રભુના બિરાજે છે. તેથી અહીં ખાસ દર્શન કરવા આવ્યા છીએ.

કોઈ કહે– ‘ઘર થોડા છે ને ગામ છોટું છે.’

ગુરુદેવ કહે છે–ભાઈ, ઘર છોટા, પણ તેમાં પરમાત્મા તો મોટા છે ને! તેમ આ ગામ ભલે નાનું પણ અહીં સીમંધર ભગવાન મોટા બિરાજે છે ને! સાધકના નાના જ્ઞાનમાં અનંત સિદ્ધોને સમાડવાની તાકાત છે.

અનંત સર્વજ્ઞ–સિદ્ધભગવંતોનો પોતાના જ્ઞાનમાં આદર કરવો તે માંગળિક છે. આચાર્યદેવ મંગળમાં કહે છે કે મારા ને તમારા આત્મામાં હું અનંતસિદ્ધ ભગવંતોને સ્થાપું છું. –એ મહા માંગળિક છે.

અહા, ભરતક્ષેત્રના મુનિએ સદેહે વિદેહ ક્ષેત્રની યાત્રા કરી, ને સીમંધર ભગવાનના

સાક્ષાત્ દર્શન કર્યા. તે જ સીમંધર ભગવાન અત્યારે પણ પૂર્વ વિદેહમાં બિરાજે છે. સ્થાપના અપેક્ષાએ આપણે અહીં પણ સીમંધર ભગવાન બિરાજે છે. અહીં પ્રતિમાજી ૫૧૬ વર્ષ પ્રાચીન (સં. ૧૫૦૭) ના છે. તેમાં લેખમાં લખ્યું છે કે–

पूर्वविदेहके तीर्थकर्ता श्री जीवन्तस्वामी। श्री श्रीमंधरस्वामी।।...............

સૂર્ય પૂર્વદિશામાં ઊગે છે, તેમ ભગવાન સીમંધરસ્વામી પણ પૂર્વ દિશામાં બિરાજે છે. તેમની વાણી સાંભળીને સમયસાર રચતાં કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હું સિદ્ધ ને તું સિદ્ધ; તારામાં સિદ્ધપણું ભર્યું છે...તેને ઓળખીને આદર કર. તારી પ્રભુતા તારામાં ભરી છે. (આમ કહીને ગુરુદેવે ખૂબ ભાવથી ગાયું કે–)

**સીમંધર પ્રભુકા યહ બોલ...કિ...**
**તેરા પ્રભુ તેરેમેં ડોલે...**
**સીમંધર નાથકા યહ બોલ...કિ...**
**તેરા પ્રભુ તેરેમેં ડોલે...**

ભાઈ, તારી પ્રભુતા તારામાં ભરી છે. અનંતા સિદ્ધોને તારામાં સમાવી દે–એવડી તારી તાકાત છે. અનંત સિદ્ધને આત્મામાં સ્થાપે તેને રાગ કે અલ્પજ્ઞતાની રુચિ રહે નહિ, એટલે રાગ તોડીને તે સર્વજ્ઞ થઈ જાય. –એવું આ સમયસારનું અપૂર્વ માંગળિક છે.

સીમંધરપ્રભુની પાસે જઈને આચાર્યદેવ આવો માલ ભરતક્ષેત્રના જીવોને માટે લાવ્યા. આત્માની પ્રભુતા લાવ્યા...તેઓ કહે છે કે તમારા જ્ઞાનમાં તમે સિદ્ધપદનો આદર કરો. વિકલ્પમાં પણ સિદ્ધનો જ આદર કરો. એના આદરના વિકલ્પવડે ઊંચા પુણ્ય બંધાય છે; ને શુદ્ધદ્રષ્ટિ દ્વારા અંતરના જ્ઞાનમાં સિદ્ધનો આદર કરતાં શુદ્ધતાની વૃદ્ધિ થાય છે; –આ માંગળિક છે.

સીમંધર ભગવાનની સમીપ જઈને આવ્યા બાદ કુંદકુંદાચાર્યદેવે આ મંગળગાથા બનાવી છે, ને અહીં સીમંધર ભગવાનની સમીપમાં તે વંચાય છે. તારા જ્ઞાનમાં સિદ્ધપદનો આદર કરીને સાંભળ, તેરે સિદ્ધપદ પ્રગટ હો જાયગા ઔર તું સર્વજ્ઞ બન જાયગા.

સાધક અનંત સિદ્ધો અને સર્વજ્ઞોને સાક્ષીપણે રાખીને અંતરમાં સિદ્ધપદને સાધે છે. મોક્ષને સાધવા આત્માની લગની લગાડી, તેમાં અનંતા સિદ્ધો અમારી જાનમાં સાથે છે, હવે અમારી કેવળજ્ઞાનકન્યા લેવામાં વચ્ચે વિઘ્ન આવે નહિ. કેવળજ્ઞાન પ્રાપ્ત થાય થાય ને થાય જ. –આવા અપૂર્વ મંગળપૂર્વક આચાર્યદેવે સમયસારમાં શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડયું છે. સીમંધર ભગવાન અહીં બિરાજે છે, તેમની સમીપમાં જ આ વાત ચાલે છે. સોનગઢમાં પણ

મંદિરમાં, માનસ્તંભમાં, સમવસરણમાં આપણે સીમંધર ભગવાનને પધરાવ્યા છે. અહીંના સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાને ૫૧૬ વર્ષ થયા; ૫૧૬ વર્ષે આજે સોળઆની પ્રસંગ ભજી ગયો. ભગવાનના જ્ઞાનમાં એ બધુંય દેખાય છે. ભગવાનની સર્વજ્ઞતાનો સ્વીકાર કરીને પોતામાં સિદ્ધને સ્થાપીને જેણે મંગળ કર્યું તે હવે આગળ વધીને સિદ્ધ થઈ જશે. –આ રીતે સિદ્ધ પ્રભુનો આદર કરીને તેમના જેવા પોતાના શુદ્ધસ્વરૂપને ધ્યાવવું તે સિદ્ધપદની પ્રાપ્તિનો ઉપાય છે.

## હું કોણ છું ?

સંસારની ચારે ગતિમાં દુઃખ છે ને આત્મજ્ઞાન વિના અત્યાર સુધી જીવ એકલું દુઃખ જ પામ્યો છે, હવે હું તે દુઃખોથી છૂટવા ને પરમ આનંદની પ્રાપ્તિ કરવા મારા પરમ આત્મસ્વરૂપને જાણું. -આમ જેને જિજ્ઞાસા થઈ હોય તે આત્મસ્વરૂપનો નિર્ણય કરે. મારું અસ્તિત્વ કેવું છે, મારા અસ્તિત્વમાં સામર્થ્ય કેટલું છે? પરમાં તો મારું અસ્તિત્વ નથી. હવે જે રાગાદિ ભાવો દુઃખરૂપ છે-તેના જેટલું જ શું મારું અસ્તિત્વ છે? ના. એ રાગની વૃત્તિથી પાર, દુઃખ વગરનું, મારું કાયમી અસ્તિત્વ છે, -કે જેમાં પૂર્ણ સુખ ને પૂર્ણ જ્ઞાનનું સામર્થ્ય ભર્યું છે. એના સેવનથી જ કેવળજ્ઞાનને સિદ્ધપદ પ્રગટે છે. મારો સ્વભાવ સુખથી ભરેલો છે, તેના સેવનથી જ સુખનો અનુભવ પ્રગટે. -આવા સમ્યક્નિર્ણય વડે સ્વસંવેદનથી અતીન્દ્રિય આનંદને ધર્મીજીવ અનુભવે છે.

# ભગવાન ઋષભદેવ

## તેમની આત્મિક-આરાધનાની પવિત્ર કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે બ્ર. હરિલાલ જૈન

( લેખાંક ૧૨ )

## ભગવાનની તપશ્ચર્યા અને પ્રથમ આહારદાન

ફાગણ વદ નોમના રોજ ભગવાન ઋષભદેવે કેશલુંચન કરીને મુનિદશા ધારણ કરી, ને આત્મધ્યાનમાં લીન થયા. ભગવાનના પવિત્ર કેશને રત્નપટારીમાં ભરીને ઇન્દ્રે વિચાર્યું કે 'આ કેશ ધન્ય છે કે ભગવાનના મસ્તકના સ્પર્શથી જે પવિત્ર થયા છે, અને એ ક્ષીરસમુદ્ર પણ ધન્ય છે કે જેને આ કેશની ભેટ મળશે.' –એમ વિચારીને, સ્વભાવથી જ પવિત્ર એવા ક્ષીરસમુદ્રમાં અત્યંત આદરપૂર્વક તે કેશનું ક્ષેપણ કર્યું. મલિન ગણાતા એવા વાળ પણ ભગવાનના આશ્રયે પૂજ્ય બન્યા, કેમકે મહાપુરુષોનો આશ્રય પામીને મલિનપુરુષ પણ પવિત્ર થઈને પૂજ્ય બની જાય છે.

ભગવાનની સાથે બીજા ચાર હજાર રાજાઓએ પણ દિગંબરદશા દશા ધારણ કરી; જોકે ભગવાનના અંતરંગ અભિપ્રાયને તેઓ જાણતા ન હતા પણ, 'અમારા સ્વામીને જે ગમ્યું તે અમને પણ ગમ્યું' –એમ સ્વામીભક્તિથી પ્રેરાઈને તેઓ દ્રવ્યલિંગી સાધુ થયા. સ્વામીને અનુસરવું એ જ સેવકોનું કામ છે–એમ વિચારીને, તે રાજાઓએ મૂઢતાસહિત માત્ર દ્રવ્યઅપેક્ષાએ નિર્ગ્રન્થપણું ધારણ કર્યું હતું, ભાવઅપેક્ષાએ નહીં. એમ કરીને મોટા મોટા વંશમાં ઉત્પન્ન થયેલા તે રાજાઓએ ભગવાન પ્રત્યે પોતાની ઉત્કૃષ્ટ ભક્તિ પ્રગટ કરી હતી. જેમને સંયમ પ્રગટયો નથી એવા તે ૪૦૦૦ દ્રવ્યલિંગી મુનિઓના ઘેરા વચ્ચે ભાવલિંગી ભગવાન, નાનકડા ઝાડવાના ઝુંડ વચ્ચે વિશાળ કલ્પવૃક્ષની માફક શોભતા હતા.

એ વખતે તપના અતિશયથી ભગવાનનું અનુપમ રૂપ એવું શોભતું હતું કે હજારહજાર નેત્રથી તે રૂપને નીરખવા છતાં ઇન્દ્રને તૃપ્તિ થતી ન હતી. દેવોએ અત્યંત ભક્તિપૂર્વક ભગવાનની પૂજા–સ્તુતિ કરીઃ હે પ્રભો ! અમે અલ્પજ્ઞ, આપના અગણિત ગુણોની સ્તુતિ કઈ રીતે કરી શકીએ ? આપની સ્તુતિના બહાને અમે તો અમારા આત્માની ઉન્નતિ કરીએ છીએ. પ્રભો ! જિનવાણીસમાન અને ગંગાનદી સમાન પવિત્ર આપની

આ પારમેશ્વરી જિનદીક્ષા ત્રણ જગતનું હિત કરનારી છે, ને સમ્યક્ત્વભાવની દેનારી છે, તે અમને સદા પવિત્ર કરો. આપની આ દીક્ષા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નોથી અલંકૃત છે. પ્રભો ! ભવ–તન–ભોગરૂપ સંસારને સ્વપ્નસમાન જાણીને આપે છોડયો છે ને અવિનાશી મોક્ષમાર્ગમાં ગમન કર્યું છે. પ્રભો, આપનામાં રાગ ન હોવા છતાં મોક્ષમાં આપ આસક્ત થયા–એ આશ્ચર્યની વાત છે ! વળી હે પ્રભો ! હેય અને ઉપાદેય વસ્તુઓને જાણીને આપે છોડવા જેવી વસ્તુઓને છોડી દીધી ને ઉપાદેય વસ્તુઓના ગ્રહણ માટે ઉદ્યમી થયા, –અને છતાંય આપ સમદર્શી કહેવાઓ છો–એ પણ આશ્ચર્યની વાત છે ! આપ પરાધીન સુખ છોડીને સ્વાધીન સુખ પ્રાપ્ત કરવા માંગો છે, તથા અલ્પ વિભૂતિ છોડીને ભારે મહાન વિભૂતિ પ્રાપ્ત કરવા ચાહો છો,–તો પછી આપ વિરક્ત અને ત્યાગી કઈ રીતે થયા ! હે ભગવાન ! આપ નિર્ગ્રંથ હોવા છતાં કુશલ પુરુષો આપને જ સુખી કહે છે. જ્ઞાનદીપક લઈને આપ મોક્ષમાર્ગે જઈ રહ્યા છો. આપના ધ્યાનરૂપી મહાન અગ્નિમાં આઠે કર્મો ભસ્મીભૂત થઈ રહ્યા છે; આઠ કર્મના વનને છેદી નાંખવા માટે આપે રત્નત્રયરૂપી કુહાડો ઉઠાવ્યો છે. પ્રભો ! બીજે ક્યાંય ન હોય એવી અદ્ભુત આપની આ જ્ઞાન–વૈરાગ્યરૂપી સમ્પત્તિ જ આપને મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે સમર્થ સાધન છે તથા આપના શરણે આવેલા ભક્તજીવોના સંસારને પણ તે નષ્ટ કરે છે. –આવી ઉત્કૃષ્ટ જ્ઞાનસમ્પત્તિને ધારણ કરનાર હે વીતરાગ ! આપને નમસ્કાર હો.

મહારાજા ભરતે પણ પોતાના અનેક નાના બંધુઓ તથા પુત્રો સહિત, ભક્તિના ભારથી અતિશય નમ્ર થઈને પોતાના પિતાની અનેક પ્રકારે સ્તુતિ તથા પૂજા કરી. આત્મધ્યાનમાં લીનઅને મોક્ષપ્રાપ્તિરૂપ કાર્યને સાધવામાં તત્પર એવા મોહવિજેતા ભગવાન ઋષભમુનિરાજના ચરણોની અત્યંત ભાવપૂર્વક ભરતે પૂજા કરી. **એ પ્રમાણે જેણે ભગવાનની પૂજા કરી છે તથા જેના ઘૂંટણ પૃથ્વી પર પડેલા છે ( અર્થાત્ જે ઘૂંટણભર થઈને વંદન કરે છે ), અને જેનાં નેત્રોમાં હર્ષનાં આંસુ છે-એવા તે ભરતે પોતાના મુગટના ઉત્કૃષ્ટમણિના કિરણો વડે ભગવાનના ચરણોનું પ્રક્ષાલન કરતાં ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક નમીને પોતાનું મસ્તક ભગવાનના ચરણોમાં ઝુકાવ્યું; ને મહાન ગુરુભક્તિ પ્રગટ કરી.** એ પ્રમાણે ભગવાનનો દીક્ષાકલ્યાણક ઊજવીને સૌ અયોધ્યા તરફ વિદાય થયા.

દીક્ષા બાદ ઋષભમુનિરાજ આત્મધ્યાનમાં લીન થયા...તરત તેમને મન:પર્યયજ્ઞાન તેમ જ અનેક લબ્ધિઓ પ્રગટ થઈ.

* * *

# ભગવાનની તપસ્યા

ભગવાન ઋષભદેવ શરીરનું મમત્વ છોડી, મોક્ષને સાધવા માટે, છ મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા કરીને મૌનપૂર્વક સ્થિર થયા. તેઓ ધ્યાનની સિદ્ધિ માટે પ્રશમગુણની ઉત્કૃષ્ટ મૂર્તિ જેવા શોભતા હતા. તપના મહિમાને લીધે કોઈ અદ્રશ્ય છત્રવડે તેમના ઉપર છાંયો થઈ ગયો હતો. ચાર જ્ઞાનવડે ભગવાને પરલોકસંબંધી ગતિ–અગતિને સંપૂર્ણ જાણી લીધી હતી.

ભગવાન તો મુનિ થઈને અડગપણે આત્મધ્યાનમાં સ્થિર થયા; પણ બીજા રાજાઓનું ધૈર્ય તો બે–ત્રણ માસમાં જ તૂટવા માંડયું. ભગવાનના માર્ગ પર ચાલવા અસમર્થ એવા તે કલ્પિત મુનિઓ વિચાર કરવા લાગ્યા કે, અરે! હવે અમારાથી ભૂખ–પ્યાસ સહન થતા નથી; ભગવાન તો કોણ જાણે ક્યા ઉદ્દેશથી આ પ્રમાણે ઊભા છે? ભગવાન પોતાની રક્ષાનો વિચાર કર્યા વગર આવા ભયંકર વનમાં ઊભા છે તો ‘પોતાની રક્ષા પ્રયત્નપૂર્વક કરવી જોઈએ’ –એવી નીતિને શું ભગવાન નહીં જાણતા હોય? ભગવાન તો પ્રાણોથી વિરક્ત થઈને આવી તપચેષ્ટા કરી રહ્યા છે, પણ અમે તો હવે ખેદખિન્ન થઈ ગયા છીએ. તેથી ભગવાન ધ્યાન પૂરું કરે ત્યાંસુધી અમે આ વનમાં ફળ ને કંદ–મૂળ ખાઈને જીવન ટકાવીશું. આમ તેઓ દીન થઈ ગયા; શું કરવું તે તેમને સુઝયું નહિ. ‘ભગવાન અમને જરૂર કંઈક કહેશે’ એવી આશાથી તેઓ ભગવાનને ઘેરીને ઊભા; ભગવાન તરફ દ્રષ્ટિ કરતાં તેમને થોડુંક ધૈર્ય થતું. કેટલાક તો માતા–પિતા–સ્ત્રી–રાજપાટ વગેરેનું સ્મરણ થતાં ઘેર જવાની ઈચ્છાથી વારંવાર ભગવાનના ચરણોમાં નમસ્કાર કરતા હતા. પણ તેમને બીક લાગતી હતી કે જો અત્યારે ભગવાનનો સાથ છોડીને ઘરે જઈશું તો, ભગવાન જ્યારે આ કાર્ય પૂરાં કરીને રાજ્ય સંભાળશે ત્યારે અમને અપમાન કરીને કાઢી મૂકશે; અથવા તો ભરત મહારાજા અમને કષ્ટ દેશે. – માટે અહીં જ રહીને સહન કરવું. હવે તો આજકાલમાં જ ભગવાનનો યોગ સિદ્ધ થશે એટલે કષ્ટ સહન કરનારા અમને ઘણી ધન–સમ્પદા આપીને સંતુષ્ટ કરશે. નિર્બળ થયેલા તે મુનિઓ જમીન પર પડયા પડયા પણ ભગવાનના ચરણનું સ્મરણ કરતા હતા. કેટલાક લોકો ભગવાનને પૂછીને, અને કેટલાક પૂછયા વગર માત્ર પ્રદક્ષિણા દઈને, પ્રાણરક્ષા માટે વનમાં અન્યત્ર ચાલ્યા ગયા હતા, ને વ્રત છોડીને જેમતેમ વર્તવા લાગ્યા હતા.

અરે, ખેદ છે કે સામાન્ય મનુષ્યો જેને સ્પર્શી ન શકે એવા ભગવાનના માર્ગ પર ચાલવા માટે અસમર્થ થઈને તે બધાય ખોટા ઋષિઓ મુનિમાર્ગથી ભ્રષ્ટ થઈ ગયા.

શું મોટા હાથીના ભારને તેનું બચ્ચું કદી ઉપાડી શકે? ભૂખ–તરસથી થાકેલા તે નગ્નરાજાઓ પોતાની મેળે વનમાં ફળ તોડીને ખાવા લાગ્યા ને તળાવનું પાણી પીવા લાગ્યા. દિગંબર મુનિવેષમાં આવી અયોગ્ય પ્રવૃત્તિ જોઈને વનદેવતાએ તેમને મનાઈ કરી અને કહ્યું કે આવા વેષમાં રહીને આવું ન કરો. અરે મૂર્ખો! આવું દિગંબર રૂપ તો તીર્થંકરો અને ચક્રવર્તીઓ જેવા મહાપુરુષો પણ મોક્ષને સાધવા માટે ધારણ કરે છે; તેમાં તમે આવી કાયર પ્રવૃત્તિ ન કરો. દિગંબર વેષમાં રહીને ફળ ન તોડો ને તળાવનું અપ્રાસુક પાણી ન પીઓ.

વનદેવતાના આવા વચનો સાંભળીને તે રાજાઓ ડરી ગયા ને નગ્નવેષ છોડીને વલ્કલ વગેરે અનેક પ્રકારનાં કુવેષ ધારણ કરીને સ્વચ્છંદપૂર્વક પ્રવર્તવા લાગ્યા. ભરતના ભયને લીધે તેઓ નગરમાં ન ગયા ને વનમાં ઝુંપડાં બાંધીને રહેવા લાગ્યા. તેમના દ્વારા અનેક પાખંડમત પ્રવર્ત્યા. આમ છતાં તેઓ પાણી અને ફળના ઉપહારવડે ભગવાનના ચરણને પૂજતા હતા; કેમકે સ્વયંભૂ ભગવાન ઋષભદેવ સિવાય બીજા કોઈ દેવતા તેમને ન હતા.

ભગવાનનો પૌત્ર મરીચીકુમાર પણ બાવો થઈ ગયો હતો અને મિથ્યા ઉપદેશ આપીને તેણે ખોટા પંથ ચલાવ્યાહતા.

જ્યારે તે દ્રવ્યલિંગી મુનિઓ ભ્રષ્ટ થઈને ઉપરની પ્રવૃત્તિ કરતા હતા ત્યારે પણ ભગવાન ઋષભદેવ તો અડોલપણે આત્મધ્યાનમાં જ ઊભા હતા. ત્રણ ગુપ્તિ તેમની રક્ષક હતી, સંયમ તેમનું બખ્તર હતું ને સમ્યગ્દર્શન વગેરે ગુણો તેમના સૈનિકો હતા. બાર પ્રકારના તપમાંથી ધ્યાનમાં તેઓ વિશેષ તત્પર રહેતા હતા. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયનિરોધ, છ આવશ્યક, કેશલોચ, ભૂમિશયન, અદંતધોવન, નગ્નતા, અસ્નાન, ઊભા ઊભા ભોજન અને દિવસમાં એકવાર ભોજન–આવા ૨૮ મૂળગુણ ભગવાનના પાયદળ સમાન હતા. જોકે છ મહિનાથી ભગવાન જરાપણ ખાતા ન હતા, તોપણ તેમના શરીરમાં રંચમાત્ર થાક ન હતો, તે એવું ને એવું દૈદીપ્યમાન હતું; તેમનો એવો જ કોઈ દિવ્ય અતિશય હતો. તેમના વાળ જટાસમાન થઈ ગયા હતા, તે હવામાં ઊડતા ત્યારે એવા લાગતા કે જાણે ધ્યાન–અગ્નિવડે તપાયેલા જીવરૂપી સોનામાંથી કાળાશ બહાર ઊડતી હોય, ભગવાનના તપ–તેજના પ્રભાવથી તે વનમાં દિવસે તેમ જ રાતે સૂર્યોદય જેવો ઉત્તમ પ્રકાશ રહેતો હતો. સિંહ ને હરણ શાંતિથી સાથે રહેતા હતા. અહા! આ કેવું આશ્ચર્ય છે કે, કાંટામાં ફસાયેલ પોતાના પૂંછડાને છોડાવવા ચમરી ગાય મહેનત કરી રહી છે તેને વાઘ પોતાના નખવડે દયાપૂર્વક મદદ કરી રહ્યો છે; હરણનાં નાનાં બચ્ચાં વાઘણને પોતાની માતા સમજીને તેનું દૂધ ધાવી રહ્યા છે; વનના હાથી

પોતાની સૂંઢમાં ખીલેલાં કમળ લાવીને પ્રભુના ચરણો પાસે ચઢાવે છે! ભગવાનના આશ્ચર્યકારક તપવડે ઇન્દ્રાસન પણ કંપી ઊઠયું હતું.

ભગવાન આવા તપમાં લીન હતા તે દરમિયાન કચ્છ–મહાકચ્છ રાજાના પુત્રો નમિ અને વિનમિ રાજકુમારો આવીને ભગવાનની સેવા કરવા લાગ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા કે હે ભગવાન! આપે બધાને રાજ્ય વહેંચી આપ્યું; પણ અમને તો કાંઈ ન આપ્યું; અમને ભૂલી ગયા; માટે અમને કાંઈક ભોગ–સામગ્રી આપો. અમારા ઉપર પ્રસન્ન થાઓ...આમ વારંવાર ભગવાનના પગ પકડીને પ્રાર્થના કરવા લાગ્યા ને તેમના ધ્યાનમાં વિઘ્ન કરવા લાગ્યા.

ત્યારે પોતાનું આસન કંપાયમાન થવાથી અવધિજ્ઞાનવડે ધરણેન્દ્રે તે વાત જાણી ને તરત ભગવાન પાસે આવીને પ્રથમ ભક્તિપૂર્વક પૂજા કરી, પછી વેશ બદલાવીને નમિ–વિનમિકુમારોને સમજાવ્યા કે અરે કુમારો! આ ભગવાન તો ભોગોથી અત્યંત નિસ્પૃહ છે, ને તમે તેમની પાસેથી ભોગોની યાચના કેમ કરી રહ્યા છો? તમારે ભોગસામગ્રી જોઈએ તો રાજા ભરત પાસે જઈને માંગો ને! ભગવાન તો બધું છોડીને મોક્ષનો ઉદ્યમ કરી રહ્યા છે તમને ભોગ–સામગ્રી ક્યાંથી દેશે? –માટે તમે ભરત પાસે જાઓ.

એ સાંભળીને બંને કુમારો કહે છે કે હે મહાનુભાવ! આપ અહીંથી ચુપચાપ ચાલ્યા જાઓ; અમારા કાર્યમાં તમારી સલાહની જરૂર નથી. જોકે આપ શાન્ત–સૌમ્ય–તેજસ્વીને બુદ્ધિમાન છો, આપ કોઈ ભદ્રપરિણામી મહાપુરુષ લાગો છો, છતાં અમારા કાર્યમાં કેમ વચ્ચે આવો છો–તે અમે જાણતા નથી. અમે તો ભગવાનને જ પ્રસન્ન કરવા માંગીએ છીએ. ભગવાન ભલે વનમાં રહ્યા, તેથી શું તેમની પ્રભુતા મટી ગઈ? ભગવાનને છોડીને ભરત પાસે જવાનું આપ કહો છો તે ઠીક નથી. મહાસમુદ્રને છોડીને ખાબોચિયા પાસે કોણ જાય? ભરતમાં અને ભગવાન ઋષભદેવમાં મોટું અંતર છે તે શું તમે નથી જાણતા?

ભગવાન ઋષભદેવ પ્રત્યે અત્યંત ભક્તિભરેલાં તેમનાં આવા વચનો સાંભળીને ધરણેન્દ્ર પ્રસન્ન થયા ને પ્રગટ થઈને કહેવા લાગ્યા કે હે કુમારો! હું ધરણેન્દ્ર છું ને ભગવાનનો સેવક છું. ભગવાને મને આજ્ઞા કરી છે કે 'આ કુમારો મહાન ભક્ત છે માટે તેમને તેમની ઈચ્છા પ્રમાણે રાજસામગ્રી આપો.' –માટે હે કુમારો! ચાલો, હું ભગવાને બતાવેલી રાજસંપદા તમને આપું.

ધરણેન્દ્રની એ વાત સાંભળી બંને કુમારો પ્રસન્ન થયા, તેમને લાગ્યું કે ખરેખર ગુરુદેવ અમારા પર પ્રસન્ન થયા છે. ભગવાનને નમસ્કાર કરીને તેઓ ધરણેન્દ્ર સાથે ચાલ્યા. ધરણેન્દ્ર તેમને પોતાના વિમાનમાં બેસાડીને વિજયાર્દ્ધ પર્વત પર લઈ ગયા.

આ વિજયાર્દ્ધ પર્વત ભરતક્ષેત્રની વચ્ચે આવેલો છે ને તેના પૂર્વ–પશ્ચિમ છેડા લવણસમુદ્રને સ્પર્શે છે. આ શાશ્વતપર્વતની શોભા અદ્ભુત છે; હિમવન પર્વતના પદ્મસરોવરમાંથી નીકળેલી ગંગા અને સિન્ધુ નદી આ પર્વતની નીચે થઈને વહે છે. પર્વત ઉપર નવ શિખરો જિનમંદિરથી શોભી રહ્યા છે. અહીં રોગ કે દુષ્કાળ વગેરે બાધા હોતી નથી. આ **મહા ભરતક્ષેત્રમાં** મનુષ્યોની સ્થિતિ ચોથા કાળ જેવી હોય છે, (આર્યખંડની માફક છ પ્રકારે કાળપરિવર્તન અહીં થતું નથી.) જઘન્યઆયુ ૧૦૦ વર્ષનું હોય છે. અહીંના વિદ્યાધર મનુષ્યોને મહાવિદ્યાઓ વડે ઈચ્છિત ફળ મળે છે. અનાજ વાવ્યા વગર ઊગે છે; નદીઓની રેતી રત્નમય છે. ઉત્તર શ્રેણીમાં ૬૦ નગર છે ને દક્ષિણ શ્રેણીમાં ૫૦ નગર છે. વિદ્યુતપ્રભ, શ્રીહર્મ્ય, શત્રુંજય, ગગનનન્દન, અશોકા, અલકા, કુંદનગર, ગંધર્વપુર, ગિરિશિખર, મહેન્દ્રપુર, વગેરે ઉત્તર શ્રેણીની ૬૦ નગરીઓ છે, તથા પુંડરીક, શ્રીપ્રભ, શ્રીધર, રથનૂપુર–ચક્રવાલ, સંજયન્તી, વિજયા, ક્ષેમંકર, સૂર્યાભ, વગેરે દક્ષિણ શ્રેણીની ૫૦ નગરીઓ છે; તેમાં રથનૂપુર રાજધાની છે. દરેક નગરીમાં એક હજાર મોટા ચોક ને ૧૨૦૦૦ ગલી છે, રત્નોના તોરણથી શોભતા એક હજાર દરવાજા છે. દરેક નગરીના પેટામાં એકેક કરોડ ગામ છે. ત્યાં રહેનારા વિદ્યાધરો દેવ જેવા સુખી છે. આ પર્વત પર કરોડો સિંહ, મૃગ ને ચમરી ગાયો રહે છે; ચારણઋદ્ધિધારી મુનિઓ પણ અહીં વિચરે છે.

આવા વિજયાર્દ્ધ પર્વતને દેખીને નમિ અને વિનમિ બંને રાજકુમારો ખુશી થયા. રથનૂપુર–ચક્રવાલ નગરીમાં પ્રવેશ કરીને ધરણેન્દ્રે તે બંનેનો રાજ્યાભિષેક કર્યો; નમિને દક્ષિણ શ્રેણીનું અને વિનમિને ઉત્તર શ્રેણીનું રાજ્ય સોંપ્યું; તથા ત્યાંના વિદ્યાધરોને ભલામણ કરી કે ભગવાન ઋષભદેવે આ બંનેને અહીં મોકલ્યા છે, તે તમારા સ્વામી છે, માટે તેમની આજ્ઞા માનવી. પછી બંને રાજકુમારોને વિદ્યા આપીને ધરણેન્દ્ર પોતાના સ્થાને ચાલ્યા ગયા.

જોકે આ બંને કુમારો જન્મથી વિદ્યાધર ન હતા પણ પુણ્યયોગે વિદ્યાધરોના દેશમાં જઈને તેમણે અનેક વિદ્યાઓ સિદ્ધ કરી; તથા વિદ્યાધરો તેમની સેવા કરવા લાગ્યા. યથાર્થમાં તો મનુષ્યનું પુણ્ય જ તેને સુખ–સામગ્રી મેળવી આપે છે. જગતગુરુ ભગવાન

ઋષભદેવના ચરણો સેવવાથી બંને કુમારો વિદ્યાધરોનું સુખ પામ્યા...માટે જે ભવ્ય જીવો મોક્ષરૂપી અવિનાશી સુખને તથા જિનગુણોને પ્રાપ્ત કરવા ચાહતા હોય તેઓ આદિગુરુ ભગવાન ઋષભદેવના ચરણોમાં મસ્તક ઝુકાવીને નમસ્કાર કરો તથા ભક્તિપૂર્વક તેમની પૂજા કરો.

## વર્ષીતપ બાદ હસ્તિનાપુરીમાં પ્રથમ પારણું

અચિન્ત્ય મહિમાવંત ભગવાન ઋષભદેવને છ માસનો ધ્યાનયોગ પૂર્ણ થયો. ત્યારે તેમણે વિચાર્યું કે, મોટા મોટા વંશમાં ઉત્પન્ન થયેલા આ નવદીક્ષિત સાધુઓને મુનિમાર્ગની આહારાદિ વિધિનું જ્ઞાન ન હોવાથી ક્ષુધાવડે તેઓ માર્ગભ્રષ્ટ થઈ ગયા. તેથી, મોક્ષમાર્ગ શું છે, સુખપૂર્વક મોક્ષની સિદ્ધિ કેમ થાય, ને શરીરની સ્થિતિ માટે નિર્દોષ આહાર લેવાની વિધિ શું છે–તે પ્રસિદ્ધ કરવાની જરૂર છે. –આમ વિચારી નિર્દોષ આહારની પ્રવૃત્તિ અર્થે ભગવાન વિહાર કરવા લાગ્યા.

ભગવાન જ્યાં–જ્યાં પધારતા ત્યાંના લોકો પ્રસન્નતાથી આશ્ચર્યચક્તિ થઈને પ્રણામ કરતા હતા; ને પૂછતા હતા કે હે દેવ! કહો શું આજ્ઞા છે? –જે કામ માટે આપ પધાર્યા હો તેની અમને આજ્ઞા ફરમાવો. કેટલાક લોકો હાથી, રથ, વસ્ત્રાભૂષણ, રત્નો તથા ખાવાપીવાની સામગ્રી ભગવાનને અર્પણ કરવા માટે લાવતા હતા, તો કોઈ પોતાની યુવાન કન્યા ભગવાનને પરણાવવા તૈયાર થયા. અરેરે! આવી મૂર્ખતાને ધિક્કાર હો!

ભગવાન ચુપચાપ ચાલ્યા જતા હતા. ભગવાન કેમ પધાર્યા છે ને શું કરવું–તે નહિ સમજવાથી લોકો દિગ્મૂઢ બની ગયા હતા. કેટલાક લોકો આંસુભીની આંખે ભગવાનના પગને વળગી પડતાં હતાં. –આ પ્રમાણે અનેક નગરમાં વિહાર કરતાં કરતાં બીજા છ મહિના વીતી ગયા.

એક દિવસે ભગવાન કુરુદેશના **હસ્તિનાપુર નગરમાં** આવી પહોંચ્યા. તે વખતે ત્યાંના રાજા સોમપ્રભ હતા, ને તેમના નાના ભાઈ **શ્રેયાંસકુમાર** હતા. આઠમાં ભવમાં આહારદાન વખતે જે 'શ્રીમતી' હતી, ને પૂર્વભવમાં વજનાભિ ચક્રવર્તીનો ધનદેવ નામનો ગૃહપતી–રત્ન હતો, તે જ આ શ્રેયાંસકુમાર છે. ભગવાન જે દિવસે હસ્તિનાપુરની નજીક પધારવાના હતા તે દિવસે પરોઢિયે, શ્રેયાંસકુમારે પૂર્વસંસ્કારના બળે, મંગલ આગાહી સૂચક સાત ઉત્તમ સ્વપ્નો દેખ્યા–ઊંચો સુમેરૂપર્વત, સુશોભિત કલ્પવૃક્ષ, કેશરી સિંહ, બળદ, સૂર્ય–ચન્દ્ર, રત્નોથી ભરેલો સમુદ્ર અને અષ્ટમંગલ સહિત દેવો; ભગવાનનાં દર્શન એ જેનું મુખ્ય ફળ છે–એવા આ સાત મંગલસ્વપ્ન દેખીને શ્રેયાંસકુમારનું ચિત્ત ઘણું પ્રસન્ન થયું.

પ્રાત:કાળ થતાં બંને ભાઈઓ તે સ્વપ્નની અને ભગવાન ઋષભદેવની કથા કરતા બેઠા હતા; એવામાં યોગીરાજ ભગવાન ઋષભદેવે હસ્તિનાપુરીમાં પ્રવેશ કર્યો. ભગવાનના આગમનથી આનંદિત થઈને ચારે કોરથી નગરજનોનાં ટોળેટોળાં દર્શન કરવા ઊમટયા. ભોળા લોકો કહેતા હતા કે ભગવાન ફરીને આપણી સંભાળ કરવા પધાર્યા; ઋષભદેવ જગતનાં પિતામહ છે એમ કાને સાંભળ્યું હતું, તે જગતપિતાને આજે આંખવડે નજરે દેખ્યાં. ભગવાનના આગમનની વાત સાંભળીને નગરજનો ભોજનાદિ કાર્યો પડતા મુકીને જલ્દી જલ્દી દર્શન કરવા માટે ચાલ્યા. જ્યારે આખી નગરીમાં આવો કોલાહલ થઈ રહ્યો હતો ત્યારે પણ ભગવાન તો પોતાના સંવેગ અને વૈરાગ્યની સિદ્ધિને માટે કમર બાંધીને વૈરાગ્યભાવનાઓનું ચિન્તન કરતા કરતા પોતાની આત્મમસ્તીમાં મસ્ત ચાલ્યા આવતા હતા. આચાર્યદેવ કહે છે કે અહો, આવી રાગ–દ્વેષરહિત સમતાવૃત્તિને ધારણ કરવી તે જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

ભગવાન ઋષભમુનિરાજ રાજમહેલની સન્મુખ પધારી રહ્યા હતા, તુરત જ ‘સિદ્ધાર્થ’ નામના દ્વારપાળે રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમારને વધામણી આપી કે ભગવાન ઋષભદેવ આપણા આંગણામાં પધાર્યા છે.

સાંભળતાંવેંત બંને ભાઈઓ મંત્રી વગેરે સહિત ઊઠયા, અને અત્યંત પ્રસન્નતાપૂર્વક રાજમહેલના આંગણા સુધી બહાર આવ્યા; ને દૂરથી જ અત્યંત ભક્તિપૂર્વક ભગવાનના ચરણોમાં નમસ્કાર કર્યા. ભગવાન પધારતાં જ સન્માનપૂર્વક પાદપ્રક્ષાલન કરીને અર્ઘવડે પૂજન કર્યું, ને પ્રદક્ષિણા લીધી. અહા, આંગણામાં આવું નિધાન દેખીને તેમને અતિ સન્તોષ થયો, ભગવાનના દર્શનથી બંનેના રોમાંચ ઉલ્લસિત થયા. હર્ષ અને ભક્તિથી નમ્રીભૂત તે બંને ભાઈઓ ઇન્દ્ર જેવા શોભતા હતા. જેમ નિષધ અને નીલ પર્વતોની વચ્ચે ઉન્નત મેરું પર્વત શોભે તેમ બંને તરફ શ્રેયાંસ અને સોમપ્રભની વચ્ચે ભગવાન ઋષભદેવ શોભતા હતા.

ભગવાનનું રૂપ દેખતાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું, તેથી પૂર્વ ભવના સંસ્કારને લીધે તેને ભગવાનને આહારદાન દેવાની બુદ્ધિ પ્રગટી. વજ્રજંઘ અને શ્રીમતીના ભવનો બધો વૃત્તાંત તેને યાદ આવી ગયો અને તે ભવમાં શષ્પસરોવરના કિનારે ચારણઋદ્ધિધારી બે મુનિવરોને આહારદાન દીધેલું તેનું પણ તેને સ્મરણ થયું. સવારનો આ સમય મુનિઓને આહારદાન દેવા માટે ઉત્તમ સમય છે–એમ નિશ્ચય કરીને તે પવિત્ર બુદ્ધિવાળા શ્રેયાંસકુમારે ભગવાનને આહારદાન કર્યું.

## પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મ ભાવના

( અંક ૨૮૧ થી ચાલુ ) ( લેખાંક૪૮ )

**ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાંઅધ્યાત્મભાવના ભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

અંતરાત્માએ દેહથી ભિન્ન આત્માની કેવી ભાવના કરવી તે હવે કહે છે–

तथैव भावयेद्देहाद्व्यावृत्यात्मानमात्मनि ।
यथा न पुनरात्मानं देहे स्वप्नेपि योजयेत्।। ८२ ।।

આત્મામાં અંતર્મુખ થઈને દેહથી ભિન્ન આત્માને એવો ભાવવો કે જેથી ફરીને દેહની સાથે સ્વપ્ને પણ આત્માનો સંબંધ ન થાય. ધર્મી પોતાના આત્માને દેહાદિથી ભિન્ન એવો ભાવે છે કે તેને સ્વપ્નાં પણ એવા જ આવે, સ્વપ્નામાં પણ દેહ સાથે એકતા ન ભાસે. હું દેહથી જુદો ચૈતન્યબિંબ થઈને અનંત સિદ્ધ ભગવંતોની વચ્ચે બેઠો છું–એવા સ્વપ્નાં ધર્મીને આવે. વાણીથી કે વિકલ્પથી ભાવના કરવાની આ વાત નથી, આ તો અંતરમાં આત્મામાં એકાગ્ર થઈને ભાવના કરવાની વાત છે. દેહથી ભિન્ન કહેતાં રાગાદિથી પણ આત્મા ભિન્ન છે, તેની ભાવના ભાવવી. સમયસારમાં આચાર્યદેવે એકત્વ–વિભક્ત આત્માને જેવો વર્ણવ્યો છે તેની જ ભાવના કરવાની આ વાત છે. –કઈ રીતે ? કે પોતે એવા આત્માનો સ્વાનુભવ કરીને તેની ભાવના કરવી. મૂઢબુદ્ધિ જીવો શરીરને ધર્મનું સાધન માને છે એટલે તે તો શરીરથી ભિન્ન આત્માને ક્યાંથી ભાવે ? જ્ઞાની તો જાણે છે કે મારો આત્મા દેહથી અત્યંત ભિન્ન છે, ‘આ દેહ હું છું’ એવી એકત્વબુદ્ધિ સ્વપ્ને પણ તેને નથી, એટલે સ્વપ્ને પણ આત્માને દેહ સાથે જોડતા નથી, આત્મામાં જ શ્રદ્ધા–જ્ઞાનનું જોડાણ કરીને તેની ભાવના કરે છે. –ભેદજ્ઞાનથી નિરંતર આવી ભાવના કરવી તે જ મોક્ષનું કારણ છે. ।। ૮૨ ।।

૮૨ મી ગાથામાં એમ કહ્યું કે આત્મભાવના જ મોક્ષનું કારણ છે, વ્રતનો શુભરાગ પણ મોક્ષનું કારણ નથી; માટે મોક્ષાર્થીએ અવ્રતની માફક વ્રતનો પણ વિકલ્પ ત્યાજ્ય

છે. પરમ ઉદાસીનતારૂપ નિર્વિકલ્પ અવસ્થામાં જેમ સ્વ–પર સંબંધી વિકલ્પો ત્યાજ્ય છે તેમ વ્રત સંબંધી પણ વિકલ્પો ત્યાજ્ય છે એમ હવે કહે છે.

अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।
अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ।। ८३ ।।

અવ્રતથી પાપ છે, ને વ્રતથી પુણ્ય છે; તે બંનેના વ્યયથી મોક્ષ થાય છે. માટે અવ્રતની જેમ વ્રતને પણ મોક્ષાર્થી છોડે છે.

જુઓ, આમાં પૂજ્યપાદ સ્વામી સ્પષ્ટ કહે છે કે વ્રતનો શુભરાગ તે પુણ્યબંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી માટે મોક્ષાર્થીએ તો તે પણ છોડવા જેવો છે. તે તે ભૂમિકામાં અવ્રત છોડીને વ્રતનો શુભરાગ ધર્મીને આવે તે જુદી વાત છે, પણ જો તેને તે હેય ન માને ને તેનાથી લાભ થવાનું માને તો તો શ્રદ્ધા જ ઊંધી થઈ જાય છે એટલે મિથ્યાત્વ થાય છે, મિથ્યાદ્રષ્ટિનેતો યથાર્થ વ્રત પણ હોતાં નથી. અહીં તો ભેદજ્ઞાન પછી ધર્મીને વ્રતાદિનો ભાવ આવે છે તેની વાત છે; તે ધર્મી જાણે છે કે જેમ મેં અવ્રત છોડયા તેમ આ વ્રતના વિકલ્પોને પણ જ્યારે હું છોડીશ ત્યારે મારી મુક્તિ થશે. આ વ્રતના વિકલ્પો મને મુક્તિના હેતુ નથી.

જુઓ, જેમ ભાવપાહુડની ૮૩ મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે સ્પષ્ટ કહ્યું છે કે વ્રતાદિમાં પુણ્ય છે, –ને ધર્મ તો જુદી ચીજ છે; તેમ અહીં પણ ૮૩ મી ગાથામાં પૂજ્યપાદસ્વામી સ્પષ્ટ કહે છે કે મોક્ષાર્થીએ અવ્રતની જેમ વ્રત પણ છોડવા યોગ્ય છે, કેમકે વ્રતનો વિકલ્પ તે પુણ્યબંધનું જ કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. અહો! બધા સંતોએ એક જ વાત કરી છે. જેવું વસ્તુસ્વરૂપ છે તેવું જ બધાય સંતોએ પ્રસિદ્ધ કર્યું છે. સંતોએ આટલી સ્પષ્ટ વાત સમજાવી હોવા છતાં મૂઢ જીવો રાગની રુચિથી એવા આંધળા થઈ ગયા છે કે તેમને સત્ય વસ્તુસ્વરૂપ દેખાતું નથી. શું થાય? કાંઈ કોઈ એને પરાણે સમજાવી દે એમ છે?

શ્રીમદ્ રાજચંદ્ર પણ આત્મસિદ્ધિમાં કહે છે કે–

**વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં ઊપજે મોક્ષસ્વભાવ.**

જુઓ, શુભ કરતાં કરતાં મોક્ષ થાય એમ નથી કહ્યું, પણ શુભ–અશુભ બંનેને છેદવાથી મોક્ષ થાય છે–એમ સ્પષ્ટ કહ્યું છે. ધર્માત્મા ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થઈને જ્યાં આનંદમાં લીન થાય છે ત્યાં વ્રતાદિના શુભવિકલ્પ પણ છૂટી જાય છે, ને મુક્તિ થાય છે. માટે અંતરાત્મા વ્રતાદિના વિકલ્પને પણ છોડીને વીતરાગી સ્વરૂપમાં ઠરવાની ભાવના ભાવે છે.

મૂઢ જીવો કહે છે કે 'વ્રત તે મોક્ષનું કારણ નથી તો શું વ્રત છોડીને અવ્રત કરવાં?' અરે મૂર્ખ! એ વાત ક્યાંથી લાવ્યો? વ્રતને પણ જે મોક્ષનું કારણ ન માને તે અવ્રતના પાપને તો મોક્ષનું કારણ કેમ માને? વ્રત છોડીને અવ્રત કરવાનું માને તે તો મહા સ્વચ્છંદી દુર્બુદ્ધિ છે, અને વ્રતના શુભવિકલ્પોને જે મોક્ષનું કારણ માને તે પણ મૂઢ દુર્બુદ્ધિ છે, મોક્ષના ઉપાયને તે જાણતો નથી. અવ્રત કે વ્રત બંને પ્રકારના રાગથી રહિત થઈને વીતરાગભાવે સ્વરૂપમાં ઠરવું તે જ મોક્ષનું કારણ છે –એમ ધર્મી જાણે છે, એટલે અવ્રત તથા વ્રત બંનેના વિકલ્પોને તે છોડવા જેવા માને છે. પહેલાં અવ્રત છોડીને વ્રતના વિકલ્પ આવે, છતાં તેનેય છોડવા જેવા માને છે. જો તેને છોડવા જેવા ન માને ને મોક્ષનું કારણ માને તો તે વિકલ્પ છોડીને સ્વરૂપમાં કેમ ઠરે? –એટલે તે તો મિથ્યાદ્રષ્ટિ જ રહે છે. ધર્મી તો પહેલેથી જ સમસ્ત વિકલ્પોથી પોતાના આત્માને જુદો જાણે છે, ને અવ્રત તથા વ્રત બંનેને છોડવા જેવા માને છે. અવ્રત અને વ્રત એ બંનેને ધર્મી કેવા પ્રકારે છોડે છે તે વાત ૮૪ મી ગાથામાં સમજાવશે.

## -: પૂ. ગુરુદેવના વિહારનો કાર્યક્રમ:-

| | |
|---|---|
| તા. ૧૭-૪-૬૭ થી ૧૯-૪-૬૭ | દિલ્હી |
| તા. ૨૦-૪-૬૭ | મથુરા |
| તા. ૨૧-૪-૬૭ થી ૨૨-૪-૬૭ | આગ્રા |
| તા. ૨૩-૪-૬૭ | જયપુર |
| તા. ૨૪-૪-૬૭ | અજમેર |
| તા. ૨૫-૪-૬૭ | ચિતોડ |
| તા. ૨૬-૪-૬૭ | કુણ |
| તા. ૨૭-૪-૬૭ થી ૩૦-૪-૬૭ | ઉદેપુર |
| તા. ૧-૫-૬૭ | બામણવાડા |
| તા. ૨-૫-૬૭ | અમદાવાદ |
| તા. ૩-૫-૬૭ | ધંધુકા |
| તા. ૪-૫-૬૭ થી ૧૧-૫-૬૭ | બોટાદ |
| તા. ૧૨-૫-૬૭ થી | રાજકોટ |

# : જાહેરાત :

# શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

ઉપરોક્ત સંસ્થા અહીં સોનગઢ ( સૌરાષ્ટ્ર ) માં છેલ્લા ૧૫ વર્ષથી ચાલે છે.

આ સંસ્થામાં જૈનધર્મના કોઈપણ ફિરકાના વિદ્યાર્થીઓને ભેદભાવ વગર પ્રવેશ આપવામાં આવે છે.

સંસ્થા પોતાનું સ્વતંત્ર ભવ્ય, વિશાળ મકાન ધરાવે છે.

વિદ્યાર્થીઓને સૂવા માટે પલંગની વ્યવસ્થા છે. બીજી ટર્મમાં સંસ્થા તરફથી વિદ્યાર્થીઓ માટે ટયુશનની વ્યવસ્થા કરવામાં આવી છે.

અહીં ધોરણ-૫ થી ધોરણ-૧૧ ( મેટ્રીક ) સુધીના વિદ્યાર્થીઓને માસિક ભોજનના પૂરી ફી ના રૂા. ૩૦ ) તથા ઓછી ફીના રૂા. ૨૦ ) લઈ દાખલ કરવામાં આવે છે.

અહીં એસ. એસ. સી. ( મેટ્રીક ) સુધીના અભ્યાસ માટે ગુરુકુળ હાઈસ્કૂલ છે.

અહીં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને હાઈસ્કૂલના વ્યાવહારિક અભ્યાસ ઉપરાંત ધાર્મિક અભ્યાસ પણ કરાવવામાં આવે છે. રજાના તથા તહેવારોના દિવસોએ પૂ. પરમોપકારી આધ્યાત્મિક સંત "શ્રી કાનજી સ્વામી"નાં તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન-શ્રવણનો તથા પૂજન-ભક્તિનો પણ અપૂર્વ લાભ મળે છે.

આથી દાખલ થવા ઈચ્છાતા વિદ્યાર્થીઓએ તા. ૩૦-૪-૬૭ સુધીમાં પ્રવેશપત્ર તથા નિયમો મંગાવી વિગતો ભરી તા. ૧૫-૫-૬૭ સુધીમાં પરીક્ષાના વાર્ષિક પરિણામ સાથે પરત મોકલવાં

લિ. -

મંત્રી,

**જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ**

## શ્રી બાહુબલી ભગવાન



[ જેમનો મહામસ્તકાભિષેક સંવત્ ૨૦૨૩ ના ફાગણ વદ ૫ ગુરુવારના રોજ લાખો ભાવિકોની ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસ સહિત ઉજવાયો. ]

# રાજકોટમાં-

## જૈન વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણ વર્ગ

ઉનાળાની રજાઓ દરમ્યાન જૈન વિદ્યાર્થીઓ માટે દર વર્ષે સોનગઢમાં ધાર્મિક શિક્ષણ વર્ગ ચાલે છે. જેમાં સેંકડો વિદ્યાર્થીઓ ધાર્મિક સંસ્કારનો લાભ લે છે. આ વખતે વૈશાખ સુદ ૩ ના રોજ પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામી રાજકોટ પધારવાના હોવાથી આ શિક્ષણ વર્ગ પણ ત્યાં જ પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીની છત્રછાયામાં ચાલશે. આવો ધાર્મિક શિક્ષણ વર્ગ રાજકોટમાં ચાલવાનો આ પ્રથમ જ પ્રસંગ હોવાથી શ્રી રાજકોટ દિગંબર જૈન સંઘને ઘણો ઉત્સાહ છે.

શિક્ષણ વર્ગ તા. ૧૨-૫-૬૭ ને શુક્રવાર વૈશાખ સુદ ત્રીજથી શરૂ થશે અને તા. ૩૧-૫-૬૭ ને બુધવાર વૈશાખ વદ ૮ સુધી ૨૦ દિવસ ચાલશે. તો રાજકોટના આંગણે આ ધાર્મિક શિક્ષણ વર્ગમાં ભાગ લેવા માટે જૈન વિદ્યાર્થી ભાઈઓને આમંત્રણ છે. આ શિક્ષણ વર્ગમાં ભાગ લેવા આવનાર બહાર ગામના વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની સગવડ શ્રીસંઘ તરફથી કરવામાં આવશે. તેઓએ પોતાના આવવાના ખબર અગાઉથી શ્રીસંઘને નીચેના સરનામે જણાવવા કૃપા કરવી.

બહાર ગામના વિદ્યાર્થીઓને ખાસ અગત્યની સુચના છે કે પોતાનું બિછાનું અને લોટો વગેરે સાથે લાવવા.

રાજકોટ શહેરના જૈન વિદ્યાર્થી ભાઈઓ કે જે આ શિક્ષણ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓને વિનંતી છે કે તેઓ શ્રીસંઘની ઓફિસે આવી વેલાસર પોતાના ફોર્મ ભરી જાય.

આ વર્ગ માત્ર પુરુષવર્ગના જૈન વિદ્યાર્થીઓ માટે છે.

ઠેકાણું:- લિ.

પંચનાથ પ્લોટ, શેરી નં. ૫ શ્રી દિગમ્બર જૈન સંઘ,
રાજકોટ. રાજકોટ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર )